**સુવિચાર**

''ક્યારેક એવું પણ બનતું હોય છે કે, સામેવાળી વ્યક્તિ ભોળી હોવાના કારણે આપણે ચતુર સાબિત થતાં હોઈએ છીએ.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૫/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૫ વર્ષ : ૧૭ અંક : ૧૩૪

## ઓનલાઈન ફાર્મસીનાં વિરોધમાં મેડિકલ સ્ટોર સંચાલકોમાં રોષ

# અમરેલી, બાબરા સહિત જિલ્લાભરમાં મેડિકલ સ્ટોર સજ્જડ બંધ

- જો કે જરૂરિયાતમંદ દર્દીઓને દવા વગર પરેશાન ન થવું પડે તે માટે અમરેલી, બાબરા સહિતનાં વિસ્તારમાં અમુક સ્ટોર શરૂ રખાયા
- ઓનલાઈન દવાનાં વેચાણથી મેડિકલ સ્ટોરનાં વ્યવસાય પર ગંભીર અસર થતાં નારાજગી
- ઓનલાઈન દવાનાં વેચાણમાં નકલી દવાનું વેચાણ થવાની શકયતાઓ પણ કેમિસ્ટોએ દર્શાવી
- સરકાર ઓનલાઈન દવાનાં મુદ્દે કડક નિયંત્રણ અને યોગ્ય નીતિ બનાવે તેવી માંગ કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૨૦

ઓલ ઈન્ડિયા કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશન દ્વારા આજે એક દિવસ માટે દેશવ્યાપી બંધના એલાનને પગલે અમરેલી જિલ્લામાં આ બંધના એલાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. અમરેલી જિલ્લામાં ૫૦૦થી પણ વધુ મેડિકલ સ્ટોર્સ સ્વૈચ્છિક રીતે બંધ રાખવામાં આવ્યા હતા. અમરેલી શહેર ઉપરાંત જિલ્લાનાં સાવરકુંડલા, બાબરા, વડિયા સહિતના અનેક શહેરો અને તાલુકા મથકોમાં મેડિકલ સ્ટોર્સના શટર

અનુસંધાન પાના ૬ ઉપર

### જાણીતા એડવોકેટ હિતેષ એમ. સોલંકીની દલીલો સફળ

## જાફરાબાદનાં સાયબર ફ્રોડનાં રૂપિયા ૧.૨૨ કરોડ ૮૫ લાખનાં ગુન્હામાં આરોપીનાં જામીન મંજૂર થયા

### રાજુલા એડિશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટ દ્વારા જામીન મંજૂર

અમરેલી, તા. ૨૦

અમરેલીનાં જાફરાબાદ તાલુકમાં રૂપિયા એક કરોડ બાવીસ લાખ પંચ્યાસી હજારનાં સાયબર ફ્રોડનાં પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૦૯/૨૦૨૬થી બીએનએસ કલમ ૩૫૧ (૨), ૩૧૮(૪), ૩૧૯(૨), ૫૪ તથા આઈ.ટી. એકટની કલમ ૬૬(સી), ૬૬ (ડી) મુજબની ફરિયાદ દાખલ થતાં આરોપી વિમલ રમેશભાઈ



સોલંકીને જેલ હવાલે કરાતા એફઆઈઆરનાં ગ્રાઉન્ડ ઉપર રેગ્યુલર જામીન અરજી મુકતા અમરેલીનાં વિધ્વાન એડવોકેટ હિતેશ એમ. સોલંકી ધ્વારા હાઈકોર્ટ, સુપ્રમી કોર્ટનાં સિધ્ધાંતો રજૂ કરી ધારદાર દલીલો કરી જે માન્ય રાખી રાજુલા માહે એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટ ધ્વારા આરોપીને જામીન ઉપર છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો.

naari હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

ડો. જીતેન્દ્ર એ. સોલંકી
એમ.એસ.(ઓપ્થલ)
આંખના સર્જન
શિવમ્ આંખની હોસ્પિટલ
ઉપલબ્ધ સુવિધાઓ.....
• મોતીયાનાં ઓપરેશન તથા નેત્રમણી આરોપણ
• નેત્રમણી માટે ટાંકા વગરના ઓપરેશનો (ફેકો)
• આંખનાં નંબરની કોમ્પ્યુટર દ્વારા તપાસ
• કોન્ટેકટ લેન્સ કિલનીક તથા નંબર ઉતારવા વિશે માર્ગદર્શન
• પડદાનાં રોગોની તપાસ તથા સારવાર
• આંખની રસી, ફુલુ, ચાંદાની સારવાર
• દર્દી તપાસવાની OPD નીચે ગ્રાઉન્ડ ફલોર પર
માણેકપરા, પી.પી.સોજીત્રા સાહેબનાં બંગલાની સામે, અમરેલી મો.નં. ૭૪૮૭૮ ૦૨૭૯૯

અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન |
| દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી<br>ડો. સંદીપ ખેની<br>હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | ડો. પ્રિતિશ શાહ<br>એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી) કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ<br>લક્ષણો: પગ માં સોજા ચડવા, બીપી, ડાયાબિટીસ, ભૂખ ઓછી લાગવી, પેશાબમાંથી પ્રોટીન જવું, ઉલટી, ઉબકા, હેડકી, પેશાબ ઓછો કે બંધ થઈ જવો, શ્વાસ ચડવો, તાણ આંચકી |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.) ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

### ‘‘આપ’’ અગ્રણી કાંતિલાલ સતાસીયાએ પત્ર પાઠવ્યો

# બગસરા પંથકના ખેડૂતોને કેરબામાં ડીઝલ ભરી આપવા રજુઆત કરાઈ

## મામલતદાર સમક્ષ યોગ્ય કરવા માંગ

અમરેલી, તા. ૨૦

બગસરાનાં મામલતદારને ‘‘આમ આદમી પાર્ટી’’નાં અગ્રણી કાંતિલાલ સતાસીયાએ પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અત્યારે ચોમાસુ નજીક છે, અને ખેડૂતોને આગોતરૂ વાવેતર કરવા માટે ખેતીકામ તૈયાર કરવા માટે ટ્રેકટરમાં ડીઝલની જરૂરિયાત હોય અત્યારે સમગ્ર વિસ્તારમાં ડીઝલ કોઈપણ



પમ્પ ઉપર ખેડૂતોને કેરબામાં આપવામાં આવતું નથી. અને ટ્રેકટર લઈને ડીઝલ પુરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે. જેના કારણે વધુ પડતું ડીઝલ તો પમ્પ સુધી ટ્રેકટર લાવવામાં જ વ્યય થાય છે. જેથી ગામડાના ખેડૂતોને શહેર સુધી ટ્રેકટર લાવવું શકય ન હોય તો ખેડૂતોને ડીઝલ પમ્પ પરથી કેરબામાં ડીઝલ ભરી આપવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

### ભાજપે કોળી સમાજનાં યુવા નેતૃત્વ પર મુકયો વિશ્વાસ

# બાબરા : પાલિકાની કારોબારી સમિતિનાં ચેરમેન પદે ભરતભાઈ રંગપરાની વરણી

## મિત્રો, શુભેચ્છકો, કાર્યકરોએ શુભકામના પાઠવી

બાબરા, તા. ૨૦

બાબરા શહેરની રાજકીય પરિસ્થિતિમાં મહત્વપૂર્ણ ગણાય તેવી બાબતમાં બાબરા નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન તરીકે વોર્ડ નંબર ૬માંથી સતત બીજીવાર ભવ્ય લીડ સાથે વિજેતા બનેલા ભરતભાઈ રંગપરાની વરણી કરવામાં આવતા શહેરભરમાં તેમજ કોળી સમાજમાં આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી ગઈ છે.

ભાજપ પક્ષ દ્વારા સંગઠન પ્રત્યેની વફાદારી, લોકો વચ્ચેનો સતત સંપર્ક અને વિકાસલક્ષી અભિગમને ધ્યાનમાં રાખીને ભરતભાઈ રંગપરાને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. તેમની નિમણૂકને પક્ષ દ્વારા



કાર્યકર્તાઓની મહેનત અને સમર્પણની કદર તરીકે જોવામાં આવી રહી છે.

તાજેતરમાં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીમાં ભરતભાઈ રંગપરાએ વોર્ડ નંબર ૬માંથી પ્રચંડ બહુમતી સાથે જીત મેળવી હતી. સામાન્ય નાગરિકો વચ્ચે તેમની સરળતા, સેવાભાવી સ્વભાવ અને લોકપ્રિયતાના કારણે તેઓ સતત લોકોના પ્રશ્નો માટે સક્રિય રહ્યા હોવાનું સ્થાનિકોમાં માનવામાં આવે છે.

તેમની કારોબારી સમિતિના ચેરમેન તરીકેની વરણી બાદ શહેર ભાજપના આગેવાનો, ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ તેમજ કોળી સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા શુભેચ્છાઓનો ધોધ વહ્યો હતો. અનેક સ્થળોએ તેમનું ફૂલહાર અને શુભેચ્છા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્થાનિક રાજકીય આગેવાનોએ જણાવ્યું હતું કે ભરતભાઈ રંગપરાના નેતૃત્વ હેઠળ બાબરા નગરપાલિકામાં વિકાસના કામોને વધુ ગતિ મળશે અને સામાન્ય લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે તેઓ અસરકારક કામગીરી કરશે તેવી જનતાને આશા છે.

### બાબરાનાં ઈશ્વરીયા ગામના વતની અને

# સુરતનાં કામરેજ ખાતે રહેતા આરોપીએ લાઠી પંથકની એક મહિલાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો

## લાઠી પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૦

લાઠી પંથકમાં રહેતી એક મહિલાને મુળ બાબરા તાલુકાના ઈરીયા ગામનાં વતની અને હાલ સુરતના કામરેજ ગામે રહેતાં એક આરોપીએ યેનકેન પ્રકારે પાછળ પડી હેરાન પરેશાન કરતો હોય, પરંતુ મહિલાને આરોપીનાં તાબે ન થતા મહિલાને બદનામ કરવાના ઈરાદે તેણીના એ.આઈ. જનરેટથી અર્ધનગ્ન ફોટો એડીટીંગ કરી આ ફોટો ખોટો હોવાનુ જાણવા છતા આ ફોટાનો ખરા તરીકે ઉપયોગ થાય તે રીતે આરોપીએ પોતાના ફેસબુકમાં અપલોડ કરી વાયરલ કરી મહિલા પાસે રૂપિયા ૧,૦૦,૦૦૦ની માંગણી કરી હતી. અને માંગેલા રૂપીયા ના આપે તો, હજુ પણ વધુ જગ્યાએ તેણીના ફોટાઓ વાયરલ કરી બદનામ કરવાની તેમજ તેણી તથા તેણીના પતિને તથા તેણીના દિકરાને મૃત્યુ નિપજાવવા સુધીનો ભય દેખાડી જાનથી મારી નાખવાની તેમજ આખી જિંદગી જેલમાં નખાવી દેવાના ધમકી આપ્યાની ભોગ બનનાર મહિલાએ લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

લાઠી પંથકમાં રહેતી એક મહિલાને મુળ બાબરા તાલુકાના ઈરીયા ગામનાં વતની અને હાલ સુરતના કામરેજ ગામે રહેતાં અશોકભાઈ કાળુભાઈ ગેલાણી નામનાં આરોપીએ ગત તા.૧૯/૪ પહેલા કોઈપણ સમયે યેનકેન પ્રકારે પાછળ પડી હેરાન પરેશાન કરતો હોય મહિલાને તેઓના તાબે ન થતા મહિલાને બદનામ કરવાના ઈરાદે તેણીના એ.આઈ. જનરેટથી અર્ધનગ્ન ફોટો એડીટીંગ કરી આ ફોટો ખોટો હોવાનુ જાણવા છતા આ ફોટાનો ખરા તરીકે ઉપયોગ થાય તે રીતે આરોપીએ પોતાના ફેસબુક આઈ.ડી. અતવજ્ઞસલયહફક્ષશ માં અપલોડ કરી વાયરલ કરી મહિલા પાસે રૂપિયા ૧,૦૦,૦૦૦ ની માંગણી કરી હતી. અને માંગેલા રૂપીયા ના આપે તો, હજુ પણ વધુ જગ્યાએ તેણીના ફોટાઓ વાયરલ કરી બદનામ કરવાની તેમજ તેણી તથા તેણીના પતિને તથા તેણીના દિકરાને મૃત્યુ નિપજાવવા સુધીનો ભય દેખાડી જાનથી મારી નાખવાની તેમજ આખી જિંદગી જેલમાં નખાવી દેવાના ધમકી આપ્યાની ભોગ બનનાર મહિલાએ લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી : બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા ૫ થી ૧૫ વર્ષના બાળકો માટે આધ્યાત્મિક સમર કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૨૦

સ્ટેશન રોડ, ગોપી ટોકીઝની બાજુમાં આવેલ હેપીહોમ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે તા. ૨૨, ૨૩ અને ૨૪ મે ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધી કેમ્પ યોજાશે. જેમાં બાળકોની સ્વાંગી વિકાસ, જ્ઞાન સાથે ગમ્મત, સકારાત્મક વિચારો, સારા સંસ્કારો અને આત્મ વિશ્વાસ વધારવા માટે સર્જનાત્મક અને આધ્યાત્મિક પ્રવૃતિઓ દ્વારા આર્ટ અને ક્રાફટ, વેસ્ટમાંથી બેસ્ટ, પઝલ અને બ્રેઈન ગેમ્સ, યોગાસનો અને પ્રાણાયમ કરાવવામાં આવશે.

તેમજ રાજયોગ મેડીટેશન, મૂલ્યલક્ષી શિક્ષણ, એકાગ્રતા વધારવા માટે ખાસ એકટીવીટી અને એન્જલ વોક જેવી આધ્યાત્મિક પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં સારા સંસ્કારો અને આંતરિક શકિતનો વિકાસ કરવામાં આવશે.

સમર કેમ્પ દરમ્યાન બાળકોને ગોડલી ગીફટ તથા ઈશ્વરીય ઈનામ આપવામાં આવશે. તો અમરેલીના વાલીઓને પોતાના બાળકોને સમર કેમ્પમાં જોડાવા અનુરોધ કરેલ છે.

# મહુવા–બાંદ્રા રૂટની ટ્રેનનો દામનગર ખાતે સ્ટોપ આપો

દામનગર, તા. ૨૦

મહુવા–બાંદ્રા ટ્રેઈનને દામનગરમાં સ્ટોપ આપવા પંથકમાંથી ઉઠી રહેલી પ્રબળ માંગ. અસંખ્ય લોકોની દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્ર તરફ કાયમ અવરજવર. રેલ્વે તંત્રએ મુસાફરોની માંગને ધ્યાનમાં લઈને શરૂ કરેલ મહુવાથી બાંદ્રા ટ્રેઈનમાં પુરતા પ્રમાણમાં પેસેન્જરો થવાથી આવક સારી થઈ રહી છે. આ ટ્રેઈનને દામનગરમાં સ્ટોપ આપવા યોગ્ય રીતે રજુઆત કરવામાં આવી રહી છે.

મુંબઈ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓના લોકો દામનગર શહેરથી માત્ર ૬ કિ.મી.ના અંતરે આવેલ સ્વયં પ્રગટ શ્રી ભૂરખીયા હનુમાનજીદાદાના મંદિરે કાયમ દર્શન માટે આવતા હોય છે. અમરેલી જિલ્લાનાં વતની અને રાજય સભાના સાંસદ રૂપાલા, રાજકીય અને સહકારી ક્ષેત્રના મોટા ગજાના નેતા દિલીપભાઈ સંઘાણી (પૂર્વ સાંસદ) અને વર્તમાન ધારાસભ્ય–મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને અનેક ભકતો ભૂરખીયા હનુમાનજી દાદા પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવતાં હોય અવારનવાર દર્શન માટે આવતા હોય છે. ત્યારે સ્થાનિકથી લઈને કેન્દ્ર સુધી ભાજપ સત્તા સ્થાને છે, આ તમામ દ્રષ્ટિકોણને ધ્યાને લઈને અહીંથી પસાર થતી મહુવા–બાંદ્રા ટ્રેઈનને દામનગરમાં સ્ટોપ આપવા અવાજ બુલંદ સાથે માંગ ઉઠી છે. દામનગર સહિત આજુબાજુના ૨૨ થી ૨૫ ગામનાં લોકો આ ટ્રેઈનમા મુસાફરી કરવાનો લાભ લઈ શકે જેથી રેલ્વે તંત્રને લાખો રૂપિયાની આવકમાં વધારો થઈ શકે છે અને વિકાસ વધુમાં વધુ મોટો થતો જાય. અમરેલીના સાંસદ, આ વિસ્તારના ધારાસભ્ય રસ લઈને રેલ્વે પ્રધાનને તેમની કક્ષાએથી વહેલી તકે રજુઆત કરી જનતાની આ મહત્વની માંગ પુરી કરે એવી લાગણી વ્યકત કરી છે.

# આતંકવાદ વિરોધી દિવસ




અમરેલી, તા. ૨૦

આતંકવાદએ આજનાં વિની સૌથી મોટી સમસ્યા છે. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની તમિલનાડુના પેરંબદૂરમાં આતંકવાદીઓએ ૨૧ મે ૧૯૯૧નાં દિવસે હત્યા કરી દીધી હતી માટે આ દિવસને આતંકવાદ વિરોધી દિવસ તરીકે ઊજવાય છે. વિના દેશો વચ્ચે આ એક સળગતી સમસ્યા છે. તેનાથી દુર રહેવું હોય તો બધા દેશોએ સાથે મળીને પ્રયત્નો કરવા પડશે. સમગ્ર સૃષ્ટિમાં વસુધૈવ કુટુંબક્મની ભાવનાને ઉજાગર કરવી પડશે. આપણે સૌ પૃથ્વીનાં સંતાનો છીએ. સર્વેએ સાથે મળીને તેનો સંહાર કરવાને બદલે તેનો ઉદ્ધાર થાય તેવા પ્રયત્નો સતત કરતાં રહેવા જોઈએ. આંતકવાદનાં વિરોધમાં વિવિધ કાર્યક્રમો યોજાય છે અને લોકોને તે અંગે જરૂરી જાણકારી પણ આપવામાં આવે છે. અહીં એ મહત્વનું છે કે વિ આખું આતંકવાદ વિરોધી થવું જોઈએ. અહીં ફકત કોઈ દેશ કે સમાજ પ્રત્યે વિરોધની લાગણી દર્શાવવી અતિશયોકિત ભર્યું છે.

દેશમાં આતંકવાદ વિરોધી દિવસ કેવી વિભિન્ન રીતે મનાવવામાં આવે છે.

આતંકવાદ અને હિંસાના જોખમ પર શાળા, કોલેજ અને વિ વિદ્યાલયમાં ડિબેટ અથવા ચર્ચાનું આયોજન કરવામાં આવે છે. આતંકવાદ અને ત્યારબાદની તેની આડઅસર વિશે લોકોને માહિતગાર કરવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

કેન્દ્ર સરકાર અને રાજય સરકાર આતંકવાદની અસર વિશે લોકોમાં જાગરૂકતા લાવવા માટે રેલીઓ અને પરેડનું આયોજન કરે છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# બાબરા : ગમા પીપળીયા વાવડી માર્ગ ઉપર ૯૦ લાખનાં ખર્ચે નવો પુલ મંજુર

## સમગ્ર પંથકનાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ

અમરેલી, તા. ૨૦

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ ધારાસભ્ય જનક તળાવીયાના અથાગ પ્રયાસોથી ગમા પીપળીયા – વાવડી માર્ગ પર રૂ. ૯૦ લાખના ખર્ચે નવો પુલ મંજુર કરવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી વર્ષો જૂની જનતાની માંગ પૂર્ણ થવા જઈ રહી છે અને આસપાસના અનેક ગામોના લોકોને મોટા પ્રમાણમાં લાભ મળશે.

આ માર્ગ પર વરસાદી ઋતુ દરમિયાન પાણી ભરાવાના કારણે વાહન વ્યવહાર વારંવાર અટકી જતો હતો. ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો તથા રોજિંદા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવા પુલના નિર્માણથી હવે બારમાસી વાહન વ્યવહાર સરળ બનશે અને લોકો સુરક્ષિત રીતે આવનજાવન કરી શકશે.

ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, ‘‘ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે મજબૂત રસ્તા અને પુલો અત્યંત આવશ્યક છે. જનતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ પુલ માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી, જેને મંજૂરી મળતા આનંદની લાગણી થાય છે. આગામી સમયમાં પણ બાબરા તાલુકાના દરેક ગામ સુધી વિકાસ પહોંચાડવા માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.’’

આ પુલના નિર્માણથી ગમા પીપળીયા, વાવડી સહિત આસપાસના અનેક ગામોના ખેડૂતોને પોતાના ખેત ઉપજ બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે. સાથે જ આરોગ્ય સેવા, શૈક્ષણિક સુવિધા અને વેપાર–ધંધામાં પણ નોંધપાત્ર સુધારો થશે.

સ્થાનિક ગ્રામજનોએ આ પુલની મંજૂરી બદલ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર વ્યકત કર્યો છે અને જણાવ્યું છે કે, તેમના કાર્યકાળ દરમિયાન વિસ્તારમાં સતત વિકાસ કામો થવાથી લોકોમાં સંતોષ અને વિાસ વધ્યો છે.

આ રીતે રૂ. ૯૦ લાખના ખર્ચે મંજુર થયેલ આ પુલ બાબરા તાલુકાના વિકાસમાં એક મહત્વપૂર્ણ નીર્ણય સાબિત થશે.

### જિલ્લા મેજીસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજનાં વોરંટના આધારે

# ગારીયાધારનાં ઈસમની પ્રોહીબિશનની પ્રવૃત્તિ કરવા બદલ ‘‘પાસા’’ હેઠળ અટકાયત

## અમરેલી ક્રાઈમ બ્રાન્ચે વડોદરા જેલ હવાલે કર્યો

અમરેલી, તા. ૨૦

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ શરીર સંબંધી તથા મિલ્કત સંબંધી તથા પ્રોહિબિશન ગુનાઓને લગતી અસામાજીક પ્રવૃતિઓમાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત કરી તેઓને પાસા હેઠળ અટકાયત કરી જેલમાં મોકલી આપવા માટે સુચના આપવામાં આવેલ હતી.

અમરેલી એલ.સી.બી. ટીમ પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાએ અમરેલી જિલ્લામાં પ્રોહિબિશન સંબંધી



ગુનાઓમાં સંડોવાયેલ ઈસમ વિરૂધ્ધ પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી જે પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપવામાં આવેલ હતી.

જે અન્વયે અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે ગારીયાધાર ગામે પચ્છેગામ રોડ, ઉપર રહેતાં લલીત ઉર્ફે લાલો પરશોતમભાઈ જમોડ ઈસમ વિરૂધ્ધ કરવામાં આવેલ આવેલ દરખાસ્ત માન્ય રાખેલ હતી. અને પાસા વોરંટ ઈસ્યુ કરેલ હતી. જેથી લલીત ઉર્ફે લાલો પરશોતમભાઈ જમોડને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે.

### ૨ લોકસભા બેઠકની ૧૪ વિધાનસભા બેઠકોનાં પ્રભારી બન્યા

# અમરેલી જિલ્લા ‘‘આપ’’નાં પ્રમુખ નિકુંજ સાવલીયાને પ્રદેશ મંત્રીની જવાબદારી

## જિલ્લાના ‘‘આપ’’ કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩ વર્ષ કરતા વધુ સમયથી આમ આદમી પાર્ટીનાં પ્રમુખની જવાબદારી નિભાવનાર નિકુંજ સાવલીયાને હાઈ કમાન્ડ દ્વારા પ્રદેશ ભાજપનાં મંત્રીની જવાબદારી સોંપવામાં આવી છે



સાથોસાથ તેઓને અમરેલી અને ભાવનગર લોકસભા બેઠકની ૧૪ વિધાનસભા બેઠકનાં પ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓને જિલ્લાનાં ‘‘આપ’’નાં કાર્યકર્તાઓ શુભકાનાઓ પાઠવી છે.

### ગીરગઢડા ખાતે ‘‘હનીટ્રેપ’’ સનસનીખેજ કાંડ

# ‘‘નકલી પોલીસ’’ બની શ્રમિકને યુવતીની પ્રેમજાળમાં ફસાવી ગેંગે રૂપિયા ૨ લાખ પડાવ્યા

## સ્થાનિક પોલીસે ૧ યુવતી સહિત અન્ય આરોપી વિરૂધ્ધ તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૦

ગીર ગઢડા તાલુકામાં હનીટ્રેપ અને ‘‘ફેક પોલીસ’’ ગેંગનો ચોંકાવનારો બનાવ સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. દ્રોણેર ગુરૂકુલ ખાતે ધાર્મિક સ્ટોલમાં નોકરી કરતા વિઠ્ઠલભાઈ ગગજીભાઈ રૂપાળાને એક અજાણી યુવતીએ વોટ્સએપ દ્વારા મિત્રતા કરી વિાસમાં લીધા બાદ રસ્તામાં ગેંગને બોલાવી અપહરણ જેવી પરિસ્થિતિ ઉભી કરી હતી. આરોપીઓએ પોતે ‘‘જૂનાગઢ પોલીસ’’ હોવાનું કહી ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપી મારકૂટ સાથે રૂ. ૨.૦૫ લાખ પડાવ્યાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે.

ફરિયાદ અનુસાર, ગત ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વિઠ્ઠલભાઈના મોબાઈલમાં ‘‘શિવાની પટેલ’’ નામની યુવતીનો વોટ્સએપ મેસેજ આવ્યો હતો. ત્યારબાદ બંને વચ્ચે નિયમિત વાતચીત શરૂ થઈ હતી. યુવતીએ દ્રોણેર ગુરૂકુલના ધાર્મિક સ્ટોલના વીડિયો અને ફોટા પણ મંગાવ્યા હતા. ધીમે ધીમે વિાસ કેળવી યુવતીએ ૧૯ ફેબ્રુઆરીના રોજ ભાવનગરથી દ્રોણેર આવવાની વાત કરી હતી.

વિઠ્ઠલભાઈ ગીર ગઢડા દ્રોણ ચોકડી સુધી યુવતીને લેવા ગયા હતા. ત્યાંથી બંને દ્રોણેર ગુરૂકુલ પહોંચ્યા હતા, જયાં યુવતીએ સ્ટોલમાંથી રૂ.૫૪૦ની ખરીદી કરી હતી. ત્યારબાદ યુવતીએ ધોકડવા મુકવા માટે વિનંતી કરતાં વિઠ્ઠલભાઈ પોતાની મોટર સાયકલમાં તેને લઈ નીકળ્યા હતા.

અંબાડા ગામના પાટિયા પાસે પહોંચતા યુવતીએ પાણી પીવા અને આરામ કરવા બહાને મોટરસાયકલ ઉભી રાખાવી હતી. બંને રસ્તા કિનારે બેસેલા ત્યારે અચાનક કાળા રંગની ફોર વ્હીલ કાર ધસી આવી હતી. કારમાંથી ચાર અજાણ્યા શખ્સો નીચે ઉતરી આવ્યા હતા અને પોતે ‘‘જૂનાગઢ પોલીસ’’ હોવાનું કહી વિઠ્ઠલભાઈનો મોબાઈલ ફોન તથા મોટર સાયકલની ચાવી કબજે કરી લીધી હતી.

આરોપીઓએ યુવતી ડ્રગ્સ કેસમાં સંડોવાયેલી હોવાનું કહી વિઠ્ઠલભાઈને પણ ખોટા ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપી કારમાં બેસાડી દીધા હતા. બાદમાં તેમને ધોકડવા, વડવીયાળા અને દ્રોણેર સહિત અલગ અલગ જગ્યાએ ફેરવવામાં આવ્યા હતા. દરમિયાન આરોપીઓએ મારકૂટ કરી કેસમાંથી છોડાવવા માટે પહેલા રૂ.૧૦ લાખ અને પછી રૂ.૫ લાખની માંગણી કરી હતી.ભયભીત થયેલા વિઠ્ઠલભાઈ પાસેથી તેમના ઘરેથી રૂ.૨૦ હજાર, મિત્ર વિપુલભાઈ પાસેથી રૂ. ૧૫ હજાર તેમજ હરિપ્રિય સ્વામી મારફતે રૂ.૧.૭૦ લાખ મળી કુલ રૂ.૨.૦૫ લાખ બળજબરીથી પડાવી લેવાયા હતા. એટલું જ નહી, આરોપીઓએ હજુ વધુ રૂ.૩ લાખ નહી આપે તો ડ્રગ્સના ખોટા કેસમાં ફસાવી ન્યૂઝ પેપરમાં નામ આપવાની અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

સમગ્ર ઘટના અંગે કે.એ. ચાવડાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, આ ઘટના ફેબ્રુઆરી મહિનામાં બની હતી. ફરિયાદ મળતા જ ગુનો દાખલ કરી પોલીસે વિવિધ દિશાઓમાં તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ શખ્સોએ અગાઉ પણ અનેક લોકોને આવી રીતે હનીટ્રેપમાં ફસાવી રૂપિયા પડાવ્યાની આશંકા છે. હાલ પોલીસ દ્વારા આરોપીઓ સુધી પહોંચવા માટે ટેક્નિકલ તેમજ સ્થાનિક સ્તરે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

બનાવ બાદ આખરે વિઠ્ઠલભાઈએ ગીર ગઢડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે શિવાની પટેલ‘ સહિત ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ४०९३४

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એકસપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

## એક તરફ ખેડૂતોને ખેતીકાર્ય માટે ડીઝલની જરૂર હોય તે સમયે તંગી

# બાબરામાં સતત ૩જા દિવસે ડીઝલ માટે લાઈન લાગી

**વિવિધ પેટ્રોલ પંપ ઉપર વ્હેલી સવારથી જ ખેડૂતોની લાંબી લાઈનો લાગેલ જોવા મળી**

**ડીઝલ મેળવવા ખેડૂતો કેરબા સહિતનાં સાધનો લઈને પેટ્રોલ પંપ પહોંચ્યા**

**પેટ્રોલ પંપમાં નિયત માત્રામાં ડીઝલનો જથ્થો અપાતો હોવાથી ખેડૂતો નારાજ**

**ખેતીકાર્ય અતિ મુશ્કેલ બની ગયું છે તેવા સમયે ડીઝલની તંગીથી જગતાત ચિંતામાં મુકાયા**






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા





બાબરા, ૨૦

બાબરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ત્રીજા દિવસે પણ ડીઝલની અછત યથાવત રહેતા ખેડૂતો, વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે જોડાયેલા લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ખેતીની મહત્વપૂર્ણ સીઝન નજીક આવી રહી હોવા છતાં પૂરતું ડીઝલ ન મળતા ખેડૂતોમાં રોષ અને ચિંતાની લાગણી ફેલાઈ છે.

શહેરમાં આવેલ વિવિધ પેટ્રોલ પંપો પર વ્હેલી સવારથી જ લાંબી લાઈનો જોવા મળી રહી છે. ડીઝલ મેળવવા માટે ખેડૂતો પોતાના ટ્રેકટર તેમજ કેન અને બેરલ લઈને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. માત્ર ખેડૂતો જ નહીં પરંતુ ફોર વ્હીલ કાર, ટ્રક, રીક્ષા અને અન્ય વાહનચાલકોની પણ ભારે ભીડ જોવા મળી રહી છે.

પેટ્રોલ પંપ સંચાલકોના જણાવ્યા મુજબ ડીઝલનો જથ્થો મર્યાદિત માત્રામાં મળી રહ્યો હોવાથી નિયંત્રિત વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે પાંચથી દસ લિટર જેટલું ડીઝલ મેળવવા માટે પણ લોકોને ભારે દોડધામ કરવી પડી રહી છે. દરરોજ ડીઝલની અનિશ્ચિત આવક વચ્ચે લોકોમાં અસંતોષ વધતો જઈ રહ્યો છે.

ખાસ કરીને ચોમાસાની સીઝન પૂર્વે ખેડૂતોએ ખેતીના કામો માટે ટ્રેક્ટર, પંપસેટ અને અન્ય સાધનો તૈયાર રાખવાના હોય છે ત્યારે ડીઝલની અછત તેમની મુશ્કેલીઓમાં વધારો કરી રહી છે. ખેતીની સીઝન માથે છે ત્યારે જ ડીઝલ માટે ભટકવું પડે છે, આવી સ્થિતિમાં ખેતીનું આયોજન કેવી રીતે કરવું ? તેવો સવાલ ખેડૂતો ઉઠાવી રહ્યા છે.

ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે જોડાયેલા વાહનચાલકો પણ ડીઝલની અછતને કારણે મુંઝવણમાં મુકાયા છે. સમયસર માલવહન ન થઈ શકતા વ્યવસાય પર અસર થવાની ભીતિ વ્યકત થઈ રહી છે.

સ્થાનિક લોકો અને ખેડૂતો દ્વારા સરકાર તેમજ સંબંધિત તંત્ર પાસે પૂરતો ડીઝલ જથ્થો ઉપલબ્ધ કરાવી પરિસ્થિતિ વ્હેલી તકે સામાન્ય બનાવવા માંગ ઉઠી રહી છે. હાલ તો સમગ્ર બાબરા પંથકના લોકો આગામી દિવસોમાં ડીઝલની સમસ્યા હલ થશે તેવી આશા સાથે રાહ જોઈ રહ્યા છે.

### વડિયા

ચોમાસાની શરૂઆત થવાની અણી પર છે અને ધરતીપુત્રો પોતાના ખેતરોમાં વાવણીની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે, બરાબર એ જ ટાણે દેશભરમાં અને ખાસ કરીને વડિયા પંથકમાં ડીઝલની ભારે અછત સર્જાતા ખેડૂતો મુશ્કેલીના ભારે વમળ માં ફસાયા છે. એક તરફ આકાશમાં વાદળો ઘેરાઈ રહ્યા છે અને બીજી તરફ ટ્રેકટરોમાં નાખવા માટે ડીઝલ ખૂંટી પડતાં 'સીઝન ટાણે જ સુકન બગડયા' જેવો ઘાટ સર્જાયો છે. વડિયા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો છેલ્લા ત્રણ દિવસથી ડીઝલ મેળવવા માટે ફાંફા મારી રહ્યા છે.

વડિયા શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી પેટ્રોલ પંપો પર ભારે અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે ખેડૂતો પોતાના ટ્રેક્ટરો અને કેન, બેરલો લઈને આખી રાત પેટ્રોલ પંપો પર જ વાસો કરવા મજબૂર બન્યા હોઈ એ પ્રમાણે ઘાટ સર્જાયો છે. વ્હેલી સવારથી જ પંપોની બહાર વાહનોની લાંબી લાઈનો થાય છે. કલાકો સુધી તડકામાં ઊભા રહ્યા બાદ પણ ખેડૂતોને પૂરતો જથ્થો મળી રહ્યો નથી. ૧૫૦૦નું ડીઝલ ટ્રેકટરમાં માત્ર ૫ કલાક ચાલે, આટલામાં ખેતી કેમ કરવી ? પેટ્રોલ પંપના સંચાલકો દ્વારા પણ ડીઝલનો મર્યાદિત સ્ટોક હોવાના કારણે રેશનિંગ પદ્ધતિ અપનાવવામાં આવી છે. પંપ પર આવતા ખેડૂતોને માત્ર ૧૦૦૦ થી લઈને ૨૦૦૦ સુધીનું જ ડીઝલ આપવામાં આવી રહ્યું છે. ખેડૂતોના જણાવ્યા મુજબ આજના ભાવ પ્રમાણે ૧૫૦૦માં માત્ર ૧૫ લીટર જેટલું જ ડીઝલ આવે છે, જે મોટા ટ્રેકટરમાં માંડ ૫ કલાકમાં પૂરું થઈ જાય છે વાવણીના સમયે દિવસ–રાત ખેડવાનું હોય ત્યારે આટલા ડીઝલથી ખેતી કઈ રીતે કરવી તે જગતના તાત માટે યક્ષ પ્રશ્ન બની ગયો છે.

ખેડૂતોએ દેવું કરીને કે ઘરના દાગીના ગીરવે મૂકીને વાવણી માટે મોંઘા ભાવના બિયારણો અને ખાતરની ખરીદી કરી લીધી છે. હવે જયારે જમીન તૈયાર કરવાનો અને વાવણી કરવાનો અતિ મહત્વનો સમય આવ્યો છે, ત્યારે જ ડીઝલ ન મળવાને કારણે આખી સીઝન ફેઈલ જવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. જો સમયસર વાવણી નહીં થાય તો ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ જશે.

વડિયા પંથકના ગ્રામજનો અને ખેડૂત અગ્રણીઓએ રોષ અને લાચારી સાથે સરકાર સમક્ષ તાકીદની માંગ કરી છે. ખેડૂતોએ સરકારને અપીલ કરતાં જણાવ્યું છે કે, આ કોઈ સામાન્ય સમય નથી પરંતુ ખેતીની મુખ્ય સીઝન છે. જો ત્વરિત પગલાં લઈને વડિયા સહિતના વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે પૂરતા પ્રમાણમાં ડીઝલનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં નહીં આવે તો ખેડૂતોને રસ્તા પર ઉતરવાની નોબત આવશે.

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ–અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૭૭ ૬૬૪૫૧




લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01















### સૂર્યાસ્ત્ર એક લોન્ગ રેન્જ ગાઇડેડ રોકેટ આર્ટિલરી સિસ્ટમ છે

# ઓડિશાના ચાંદીપુરમાં નિબે લિમિટેડે સૂર્યાસ્ત્ર ગાઇડેડ રોકેટ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું

**ભારતે સૂર્યાસ્ત્રના બે વેરિઅન્ટ- ૧૫૦ કિલોમીટર અને ૩૦૦ કિલોમીટર રેન્જ ધરાવતી ગાઇડેડ રોકેટ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું છે**

નવી દિલ્હી, તા.૨૦

ભારતની સૈન્ય તાકાત હવે માત્ર બ્રહ્મોસ મિસાઈલ પૂરતી સીમિત નથી રહી. દેશે હવે એક એવી સ્વદેશી લાંબા અંતરની રોકેટ સિસ્ટમ તૈયાર કરી છે, જે ૩૦૦ કિલોમીટર દૂર બેઠેલા દુશ્મનને માત્ર બે મીટરની સચોટતાથી નિશાન બનાવી શકે છે. ઓડિશાના ચાંદીપુર ટેસ્ટ રેન્જમાં ખાનગી ભારતીય કંપની નિબે લિમિટેડ (Nibe Limited)એ 'સૂર્યાસ્ત્ર' રોકેટ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું છે. આનાથી પાકિસ્તાનની ચિંતા વધી ગઈ છે. સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે જો આ સિસ્ટમ મોટા પાયે ભારતીય સેનામાં સામેલ કરવામાં આવે, તો સરહદ પાર બેઠેલા દુશ્મનના કમાન્ડ સેન્ટર, રડાર સ્ટેશન અને સૈન્ય ઠેકાણાઓને પહેલા કરતાં વધુ સચોટતાથી નિશાન બનાવી શકાશે.

ભારતે સૂર્યાસ્ત્રના બે વેરિઅન્ટ- ૧૫૦ કિલોમીટર અને ૩૦૦ કિલોમીટર રેન્જ ધરાવતી ગાઈડેડ રોકેટ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું છે. બંને રોકેટોએ પોતાના લક્ષ્ય પર અત્યંત સચોટ હુમલો કર્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર ૧૫૦ કિલોમીટરવાળા વેરિઅન્ટનો સર્ક્યુલર એરર પ્રોબેબલ (CEP) માત્ર ૧.૫ મીટર રહ્યો, જ્યારે ૩૦૦ કિલોમીટર રેન્જવાળા વેરિઅન્ટે માત્ર બે મીટરની ત્રુટિ સાથે લક્ષ્યને ભેદ્યું હતું. સૈન્ય જગતમાં આટલી સચોટતા અત્યંત ખતરનાક માનવામાં આવે છે.

સૂર્યાસ્ત્ર એક લોન્ગ રેન્જ ગાઈડેડ રોકેટ આર્ટિલરી સિસ્ટમ છે, જેને દુશ્મનના મહત્વના સૈન્ય ઠેકાણાઓ પર ઝડપી અને સચોટ હુમલો કરવા માટે વિકસાવવામાં આવી છે. આ પરંપરાગત તોપોની જેમ માત્ર ભારે ગોળા નથી દાગતી, પરંતુ એડવાન્સ ગાઈડન્સ અને નેવિગેશન ટેકનોલોજી દ્વારા લક્ષ્ય સુધી પહોંચે છે. ૧૫૦ કિલોમીટરવાળું વેરિઅન્ટ ટેક્ટિકલ બેટલફિલ્ડ સપોર્ટ માટે તૈયાર કરવામાં આવ્યું છે, એટલે કે યુદ્ધક્ષેત્રની આસપાસ દુશ્મનની ગતિવિધિઓને ખતમ કરવા માટે. વળી ૩૦૦ કિલોમીટર રેન્જવાળું વેરિઅન્ટ ભારતની ડીપ સ્ટ્રાઈક કેપેબિલિટીને નવી તાકાત આપે છે. આનો અર્થ એ છે કે ભારતીય સેના હવે સરહદથી ઘણી દૂર બેઠેલા દુશ્મનના વ્યૂહાત્મક ઠેકાણાઓને પણ સૈનિકોને જોખમમાં મૂક્યા વિના નિશાન બનાવી શકે છે.

સૂર્યાસ્ત્રની સરખામણી હવે ભારતની સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસ સાથે કરવામાં આવી રહી છે. જોકે બંને સિસ્ટમ અલગ ટેકનોલોજી પર કામ કરે છે, પરંતુ તેમની સચોટ મારક ક્ષમતા તેમને અત્યંત ઘાતક બનાવે છે. બ્રહ્મોસ પોતાની સુપરસોનિક સ્પીડ અને ભારે વિનાશ ક્ષમતા માટે જાણીતી છે. આ દુશ્મનના હાઈ-વેલ્યુ ટાર્ગેટ્સને ગણતરીની મિનિટોમાં તબાહ કરી શકે છે. બીજી તરફ સૂર્યાસ્ત્ર ઓછી કિંમત ધરાવતી, પરંતુ અત્યંત સચોટ ગાઈડેડ રોકેટ સિસ્ટમ છે. આ સતત સચોટ હુમલા માટે તૈયાર કરવામાં આવી છે. નિષ્ણાતોના મતે સૂર્યાસ્ત્ર ભારત માટે એ જ ભૂમિકા ભજવી શકે છે, જે અમેરિકાની HIMARS સિસ્ટમ આધુનિક યુદ્ધોમાં ભજવી રહી છે. યુક્રેન યુદ્ધમાં દુનિયાએ જોયું કે લાંબા અંતરની સચોટ રોકેટ સિસ્ટમ કેવી રીતે દુશ્મનના એરબેઝ, હથિયાર ડેપો અને કમાન્ડ સેન્ટરને તબાહ કરીને યુદ્ધનું વલણ બદલી શકે છે.

૩૦૦ કિલોમીટરની રેન્જનો અર્થ એ છે કે સરહદ નજીક તહેનાત ભારતીય સિસ્ટમ પાકિસ્તાનની અંદર ઘણી ઊંડાઈ સુધી રહેલા સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવી શકે છે. ખાસ વાત એ છે કે આટલી લાંબી રેન્જ હોવા છતાં સૂર્યાસ્ત્રની સચોટતા માત્ર બે મીટર સુધી સીમિત રહી. એટલે કે આ સિસ્ટમ માત્ર મોટા વિસ્તારને જ નહીં, પરંતુ કોઈ ખાસ સૈન્ય બંકર, રડાર યુનિટ કે કમાન્ડ પોસ્ટને પણ સીધું નિશાન બનાવી શકે છે. આવા હથિયારો દુશ્મનના એર ડિફેન્સ અને કમાન્ડ સ્ટ્રક્ચરને નબળું પાડવામાં અત્યંત અસરકારક માનવામાં આવે છે.

સૂર્યાસ્ત્રનું સફળ પરીક્ષણ ભારતના સંરક્ષણ ઉત્પાદન મોડલમાં આવી રહેલા બદલાવને પણ દર્શાવે છે. પહેલા અત્યાધુનિક હથિયારોનો વિકાસ મુખ્યત્વે સરકારી સંસ્થાઓ પૂરતો સીમિત હતો, પરંતુ હવે ખાનગી ભારતીય કંપનીઓ પણ મિસાઈલ, ડ્રોન અને એડવાન્સ આર્ટિલરી સિસ્ટમ્સ તૈયાર કરી રહી છે. આ પરીક્ષણ ઈન્ડિયન આર્મીના ખરીદી ઓર્ડર હેઠળ કરવામાં આવ્યું છે, જે એ વાતનો સંકેત છે કે સેના હવે ખાનગી કંપનીઓની સ્વદેશી ટેકનોલોજી પર ભરોસો વધારી રહી છે. બ્રહ્મોસ, પિનાકા, પ્રલય અને આકાશ જેવી સિસ્ટમ પછી હવે સૂર્યાસ્ત્ર પણ ભારતની સ્વદેશી સ્ટ્રાઈક ક્ષમતાને મજબૂત કરનારું નવું હથિયાર માનવામાં આવી રહ્યું છે.

### મમતાની પાર્ટીના અનેક નેતા રડાર પર

# પ.બંગાળમાં સત્તાપલટા બાદ તાબડતોબ ધરપકડનો દોર

**હિંસા અને જાતીય સતામણી જેવા ગંભીર આરોપો હેઠળ અનેક દિગ્ગજ નેતાઓની ધરપકડ કરવામાં આવતા હડકંપ**

કોલકાતા, તા.૨૦

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ તૃણમૂલ કોંગ્રેસ(TMC)ના નેતાઓ, મંત્રીઓ, ધારાસભ્યો અને પંચાયત સ્તરના પદાધિકારીઓ વિરુદ્ધ રાજ્યવ્યાપી કડક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. નાણાકીય હેરાફેરી, પરાણે વસૂલી (રંગદારી), ગેરકાયદેસર હથિયારો રાખવા, ચૂંટણી પછીની હિંસા અને જાતીય સતામણી જેવા ગંભીર આરોપો હેઠળ અનેક દિગ્ગજ નેતાઓની ધરપકડ કરવામાં આવતા બંગાળના રાજકારણમાં ભારે હડકંપ મચી ગયો છે.પૂર્વ મંત્રી સુજીત બોસ જેલભેગા થઈ ચૂક્યા છે. નગરપાલિકા ભરતી કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે. સંદેશખાલીનો વિવાદિત શેખ શાહજહાં અટકાયતમાં છે.

મોટા પાયે જમીન હડપ કરવા, મહિલાઓ પર અત્યાચાર ગુજારવા અને EDની ટીમ પર હુમલો કરવાના મુખ્ય આરોપ હેઠળ તે હાલ પોલીસની કસ્ટડીમાં છે. સ્ક્રુ ધારાસભ્યના પુત્ર પાસે મળ્યા વિદેશી હથિયાર. દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં STF દ્વારા બિષ્ણુપુરના TMC ધારાસભ્ય દિલીપ મંડલના પુત્ર અર્ઘ્ય મંડલની ધરપકડ કરાઈ છે, જેની પાસેથી વિદેશી પિસ્તોલ અને ગેરકાયદેસર કારતૂસ મળી આવ્યા છે. ૧૩ કરોડની બેંક છેતરપિંડીના કેસમાં માલ્દાના રતુઆ બ્લોકમાં TMC સંચાલિત બિલાઈમારી પંચાયતના પ્રધાન સ્મૃતિકણા મંડળ અને તેમના પતિ અનિલ મંડળની સ્થાનિક સહકારી બેંકમાંથી આશરે ૧૩ કરોડ રૂપિયાની ઉચાપતના આરોપમાં ધરપકડ કરાઈ છે.રાજ્યમાં માત્ર શીર્ષ નેતાઓ જ નહીં, પરંતુ જિલ્લા અને બ્લોક સ્તરના નેતાઓની પણ તાબડતોડ ધરપકડ થઈ રહી છે. કૂચબિહાર બ્લોક નંબર ૧ સમિતિના TMC અધ્યક્ષ અબ્દુલ કાદર હકની રાજકીય વિરોધીઓ પર હુમલા અને તોડફોડના આરોપસર ધરપકડ કરાઈ છે. ફાલ્ટા પંચાયત સમિતિના ઉપાધ્યક્ષ સૈદુલ ખાન, સરજીત વિશ્વાસ અને રાજદીપ દેની પણ રંગદારી અને જાનલેવા હુમલાના કેસમાં અટકાયત કરવામાં આવી છે.આ કાર્યવાહીથી ગભરાઈને અનેક નેતાઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ધારાસભ્ય દિલીપ મંડળ પુત્રના હથિયાર કેસમાં નામ આવ્યા બાદથી જ લાપતા છે. આ ઉપરાંત, દિનહાટાના પૂર્વ TMC ધારાસભ્ય ઉદયન ગુહા પણ ચૂંટણી પછીથી જ વિસ્તારમાંથી ગાયબ છે, જેમની શોધમાં પોલીસ સતત દરોડા પાડી રહી છે. આ મોટી કાર્યવાહી બાદ પશ્ચિમ બંગાળના ખૂણે-ખૂણેથી વર્ષોથી દબાયેલો જનતાનો આક્રોશ સામે આવી રહ્યો છે. અનેક પોલીસ સ્ટેશનો બહાર લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જમીની પરિસ્થિતિ એટલી હદે બદલાઈ ગઈ છે કે લોકોના ગુસ્સાને જોઈને ઘણા સ્થાનિક તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ લોકો પાસેથી બળજબરીપૂર્વક વસૂલેલી ખંડણીની રકમ સામે ચાલીને પાછી આપવી પડી રહી છે!

### સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચુકાદો

# સરકારી કર્મચારીઓને પ્રમોશન માંગવાનો કોઈ અધિકાર નથી

**કોર્ટે કહ્યું કે સરકારને પ્રશાસનિક સુધારાઓ માટે નિમણૂક પ્રક્રિયા અને સેવા નિયમોમાં ફેરફાર કરવાની પૂરી શક્તિ છે**

નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે કહ્યું કે સરકારી કર્મચારીઓ પાસે જૂના સેવા નિયમો હેઠળ પદોન્નતિ (પ્રમોશન) માંગવાનો કોઈ નિહિત (સહજ) અધીકાર હોતો નથી. ચુકાદામાં કોર્ટે કહ્યું કે જગ્યા જૂના સેવા નિયમો સમયે ખાલી પડી હતી તેના કારણે થઈને સરકારી કર્મચારીઓને એ આધાર પર પ્રમોશનનો હક મળતો નથી. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે સરકાર કઈ પણ ચરણમાં નવા સેવા નિયમ લાવીને પસંદગી અને પદોન્નતિની પદ્ધતિ અને પ્રક્રિયામાં ફેરફાર કરવા માટે સક્ષમ છે, પણ શરત એ કે તે મનમાની રીતે ન હોય. જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટીન જ્યોર્જ મસીહની પીઠે હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધ ઓડિશા સરકારની અપીલ સ્વીકારતા આ ચુકાદો આપ્યો. સુપ્રીમ કોર્ટની પીઠે કહ્યું કે કોઈ પણ કર્મચારી પાસે ન તો પ્રમોશન મેળવવાનો કોઈ સહજ અધિકાર હોય છે કે ન તો તેને પ્રમોશનની કોઈ કાયદેસર અપેક્ષા પ્રાપ્ત હોય છે. પીઠે સ્પષ્ટ કર્યું કે કર્મચારીનો ફક્ત પોતાની ઉમેદવારી પર વિચાર કરવો એ એકમાત્ર સીમિત અધિકાર હોય છે. જો કે પીઠે કહ્યું કે જો સરકાર, જે નિમણૂક અધિકારી છે, તે પોતાના વિવેકથી એ નિર્ણય કરે કે ખાલી જગ્યાઓને પ્રમોશન દ્વારા નહીં ભરવામાં આવે (ખાસ કરીને ત્યારે જ્યારે કેડરમાં ફેરફાર અને પદોનું પુર્નગઠન થયું હોય) તો તેને નિમણૂક કરવા માટે બાધ્ય કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યાં સુધી વર્તમાન મામલાનો સવાલ છે તો તેમાં સહાયક ક્ષેત્રીય પરિવહન અધિકારીનું પદ પસંદગીવાળું પદ હતું, પ્રમોશનવાળું નહીં. આ સાથે જ તેમણે કહ્યું કે નિમણૂકની રીત એક નીતિગત મામલો છે, જે સંપૂર્ણ રીતે સરકારના અધિકાર ક્ષેત્રમાં આવે છે. પીઠે કહ્યું કે જો સરકારને નિમણૂકની રીત બદલવી યોગ્ય લાગે તો તે તેમના અધિકાર, સત્તા અને ક્ષમતાના દાયરામાં હતું. જ્યાં સુધી આ બદલેલી નીતિ મનમાની સાબિત ન થાય ત્યાં સુધી કર્મચારી તે પદ પર દાવો કરી શકે નહીં. અત્રે જણાવવાનું કે આ કેસ ઓડિશા પરિવહન વિભાગમાં કર્મચારીઓના પ્રમોશન સંબંધિત હતો. આ અગહાઉ ઓડિશા હાઈકોર્ટે રાજ્ય સરકારને જૂના નિયમો હેઠળ જ કર્મચારીઓના પ્રમોશન પર વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ આદેશને સંપૂર્ણ રીતે રદ કર્યો છે. કોર્ટે કહ્યું કે જો સરકાર પદોના પુર્નગઠન બાદ પ્રશાસનિક દક્ષતા માટે નવી અને વધુ પ્રતિસ્પર્ધાવાળી પ્રક્રિયા અપનાવે તો તેને કોઈ પણ રીતે ખોટી ઠેરવી શકાય નહીં. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની રાજધાનીઓમાં સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યો છે કે તેઓ રહેણાંક જગ્યાઓના વ્યવસાયિક ઉપયોગના દુરઉપયોગની તપાસ કરે અને રિપોર્ટ રજૂ કરે. આ નિર્દેશ ગેરકાયદેસર નિર્માણ અને જમીનના ઉપયોગ સંબંધિત નિયમોના ભંગના એક મામલામાં ઉઠાવવામાં આવેલી ચિંતાઓ બાદ અપાયા છે. પીઠે લોગનાથમ વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય કેસમાં આ નિર્દેશ આપ્યા. સુપ્રીમ કોર્ટે વિવિધ શહેરોમાં ભવન નિયમો અને જમીનના ઉપયોગના માપદંડોના કથિત ભંગના કેસનો પણ ઉલ્લેખ કર્યો. કોર્ટે કહ્યું કે રહેણાંક વિસ્તારોને વ્યવસાયિક ઝોનમાં બદલવાના કથિત પગલાંના નાગિરક અને પર્યાવરણ સંબંધિત પ્રભાવ હોઈ શકે છે.

### ઓઇલ કંપનીઓને રૂ. ૨૬,૦૦૦ કરોડનો નફો

# ઓઇલ કંપનીઓને ખોટની વાતો વચ્ચે માર્ચ ક્વાર્ટરમાં ધૂમ નફો

**ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમે નફાના તમામ જૂના રેકોર્ડ તોડ્યા**

નવી દિલ્હી, તા.૨૦

એક તરફ દેશની સામાન્ય જનતા પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવોના કારણે મોંઘવારીનો માર સહન કરી રહી છે, ત્યારે બીજી તરફ દેશની સરકારી પેટ્રોલિયમ કંપનીઓ કમાણીના નવા રેકોર્ડ બનાવી રહી છે. તાજેતરમાં જાહેર થયેલા નાણાકીય પરિણામો દર્શાવે છે કે, પેટ્રોલિયમ કંપનીઓને તો જબરદસ્ત નફો થયો છે, પરંતુ સામાન્ય પ્રજાના ખિસ્સા ખાલી થઈ રહ્યા છે.

દેશની અગ્રણી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) એ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં નફાના તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. આ ઓઈલ કંપનીઓને ખોટની વાતો વચ્ચે માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૨૬,૦૦૦ કરોડનો ધૂમ નફો થયો છે. સામાન્ય પ્રજા જ્યારે પેટ્રોલ પંપ પર મોંઘા ભાવનું ઈંધણ ભરાવીને પોતાનું ખિસ્સું ખાલી કરી રહી છે, ત્યારે સરકારી ઓઈલ કંપનીઓની તિજોરીઓ છલકાઈ રહી છે. ઈન્ડિયન ઓઈલ (IOCL)ને માર્ચ ક્વાર્ટર ૨૦૨૬માં રૂ. ૧૪,૬૬૭ કરોડ નફો થયો છે. તો ભારત પેટ્રોલિયમ (BPCL)નો માર્ચ ક્વાર્ટર ૨૦૨૬નો નફો રૂ. ૬,૪૪૨ કરોડ છે. એવી જ રીતે, હિંદુસ્તાન પેટ્રોલિયમ (HPCL) કંપનીનો માર્ચ ક્વાર્ટર ૨૦૨૬નો નફો રૂ. ૪,૯૦૨ કરોડે પહોંચી ગયો છે.

આ કંપનીઓનો દાવો છે કે, બે વાર ભાવ વધારો કર્યા પછી પણ તેઓ પેટ્રોલમાં લીટરે રૂ. ૧૦થી ૧૪ અને ડીઝલમાં લિટરે રૂ.૨૫થી ૩૦ની ખોટ કરી રહ્યા છે. આ અંગે BPCLના ફાઈનાન્સ ડિરેક્ટર વી.રામકૃષ્ણ ગુપ્તા જણાવી ચૂક્યા છે કે, તાજેતરમાં ઈંધણના ભાવમાં વધારો કરાયો હોવા છતાં કંપનીને હજુ પણ ડીઝલ પર પ્રતિ લિટર રૂ.૨૫થી ૩૦ અને પેટ્રોલ પર પ્રતિ લિટર રૂ.૧૦થી ૧૪નું નુકસાન થઈ રહ્યું છે.હકીકત એ છે કે, સામાન્ય માણસના ઘરનું બજેટ ભલે ખોરવાયું પણ પ્રજાનું તેલ કાઢીને કંપનીઓએ નફાનો જોરદાર બૂસ્ટર ડોઝ મેળવી લીધો છે! રસપ્રદ વાત એ છે કે, ઈન્ડિયન ઓઈલ ભારત સરકારને ૯૦૯ કરોડ ડિવિડન્ડ પણ ચૂકવશે, કંપનીની એક શેર સામે રૂ. ૧.૨૫ ડિવિડન્ડની જાહેરાત કરી છે. પેટ્રોલિયમ કંપનીઓના આ આંકડા સ્પષ્ટ કરે છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવોની સ્થિતિ ગમે તે હોય, કંપનીઓએ પોતાનો નફો સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખ્યો છે. બીજી તરફ સામાન્ય પ્રજા માટે પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ મોટો રાહતજનક ઘટાડો ન થતાં, સામાન્ય માણસની આર્થિક ખોટ અને મુશ્કેલીઓ આજે પણ યથાવત રહી છે.

### એક વર્ષમાં બીજીવાર પુતિન દિલ્હી આવી રહ્યાં છે

# સપ્ટેમ્બરમાં ભારતના પ્રવાસે આવશે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન

**પુતિનની ભારત યાત્રાની પુષ્ટિ ક્રેમલિને કરી છે, તેઓ આ વર્ષે નવી દિલ્હીમાં આયોજીત બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેશે**

નવી દિલ્હી, તા.૨૦

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ભારત આવશે. સપ્ટેમ્બર મહિનામાં આ આયોજન નવી દિલ્હીમાં યોજાવાનું છે. એક વર્ષની અંદર બીજીવાર પુતિન નવી દિલ્હીની યાત્રા પર આવી રહ્યાં છે. રશિયાના રાષ્ટ્રપતિની આ ભારત યાત્રા બંને દેશો વચ્ચે મજબૂત અને ગાઢ સંબંધને દર્શાવે છે. પુતિનના ભારત પ્રવાસની પુષ્ટિ ક્રેમલિને કરી છે.

હકીકતમાં નવી દિલ્હીમાં ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના બ્રિક્સ શિખર સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં બ્રિક્સ દેશોના નેતા એકત્ર થશે, આ પ્રવાસ મહત્વપૂર્ણ છે કારણ કે તે ભારત અને રશિયા વચ્ચે વધતા રણીતિક અને રક્ષા સહયોગ વચ્ચે થઈ રહ્યો છે. ખાસ વાત છે કે એક વર્ષમાં બીજીવાર પુતિન ભારતના પ્રવાસે આવી રહ્યાં છે. આ પહેલા રાષ્ટ્રપતિ પુતિને ડિસેમ્બર ૨૦૨૫મા ભારતનો પ્રવાસ કર્યો હતો, જ્યારે તેમણે ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. વ્લાદિમીર પુતિન એક વર્ષમાં બીજીવાર ભારત આવી રહ્યાં છે. આ પહેલા તેઓ ડિસેમ્બરમાં ભારત આવ્યા હતા. આ દરમિયાન બંને દેશો વચ્ચે યોજાયેલી બેઠકમાં ઘણા મહત્વના મુદ્દે ચર્ચા થઈ હતી. વર્ષ ૨૦૨૫ની પુતિનની ભારત યાત્રા એટલા માટે પણ ખાસ રહી, કારણ કે ૨૦૨૨મા રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ રાષ્ટ્રપતિ પુતિનની પ્રથમ ભારત યાત્રા હતી.

આ પહેલા પુતિન છેલ્લે ૨૦૨૧મા નવી દિલ્હીના પ્રવાસે આવ્યા હતા. મહત્વનું છે કે નવી દિલ્હીમાં આ વર્ષે યોજાનાર બ્રિક્સ શિખર સંમેલનમાં વૈશ્વિક સુરક્ષા પડકાર, આર્થિક સહયોગ અને બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થાને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવાની પ્રબળ સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે ભારતનો રશિયા સાથે સંબંધ વિદેશ નીતિની દ્રષ્ટિએ ખાસ છે. વિશેષ કરી છેલ્લા ઘણા દાયકાથી બંને દેશો વચ્ચે રક્ષા સહયોગ અને ઉર્જા સહયોગ રહ્યો છે. ભારત માટે રશિયાની મિત્રતા એટલા માટે પણ ખાસ છે, કારણ કે રશિયા હંમેશા રક્ષાના ક્ષેત્રમાં ભારતનું સહયોગી રહ્યું છે.

ભારતીય સેનાના હાર્ડવેરનો એક મોટો હિસ્સો રશિયાથી આયાત થાય છે. આ સિવાય ઉર્જાની જરૂરિયાત પુર્ણ કરવામાં પણ રશિયા મહત્વનું યોગદાન આપે છે. સૌથી ખાસ વાત છે કે વર્તમાન સ્થિતિમાં રશિયા ભારતની ઉર્જા સુરક્ષા માટે ખુબ મહત્વપૂર્ણ થઈ ગઈ છે. યુક્રેન સંઘર્ષ બાદ પશ્ચિમી દેશોએ રશિયા પર ઘણા પ્રતિબંધ લગાવ્યા હતા. તેમ છતાં ભારતે રશિયામાંથી સૌથી વધુ ક્રૂડ ઓયલની આયાત કરી હતી.

### ગુજરાતના મુસાફરોને મોટો ઝટકો

# સ્પાઈસજેટ ૧ જૂનથી તમામ ૧૨ ફ્લાઈટો બંધ કરશે!

**ગંભીર નાણાકીય કટોકટી અને કાનૂની વિવાદોનો સામનો કરી રહેલી સ્પાઈસજેટ એરલાઇન્સે મોટો નિર્ણય લીધો**

નવી દિલ્હી, તા.૨૦

વેકેશનની સીઝનમાં પ્રવાસનું આયોજન કરી રહેલા ગુજરાતના હવાઈ મુસાફરો માટે એક માઠા સમાચાર સામે આવ્યા છે. ભારે આર્થિક સંકટ અને કાનૂની વિવાદોમાં ઘેરાયેલી બજેટ એરલાઈન સ્પાઈસજેટ આગામી ૧ જૂનથી ગુજરાતમાંથી તેનું ઓપરેશન સમેટી લેવા જઈ રહી છે. કંપનીએ ગુજરાતના ત્રણ મુખ્ય શહેરોમાંથી ઓપરેટ થતી તમામ ૧૨ ફ્લાઈટો બંધ કરવાનો મોટો નિર્ણય લીધો છે.સ્પાઈસજેટના આ અચાનક નિર્ણયથી ગુજરાતના ત્રણ મહત્વના સ્ટેશનોને સીધી અસર થશે, જેમાં અમદાવાદ, કંડલા અને ભાવનગર આ ત્રણેય સ્ટેશનો પરથી ઓપરેટ થતી તમામ ૧૨ ફ્લાઈટો આગામી ૧ જૂનથી કાયમ માટે બંધ થઈ જશે.

એરલાઈન્સે માત્ર જાહેરાત જ નથી કરી, પરંતુ તેની ઓફિશિયલ બુકિંગ સિસ્ટમ અને વેબસાઈટ પરથી પણ આ રૂટ્સને સંપૂર્ણપણે હટાવી દીધા છે. આ આકસ્મિક નિર્ણયના કારણે એવા હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે જેમણે આગામી દિવસો માટે એડવાન્સ બુકિંગ કરાવી રાખ્યું હતું. હવે આ મુસાફરો સામે રિફંડ મેળવવાનો અને છેલ્લી ઘડીએ અન્ય એરલાઈન્સમાં મોંઘી ટિકિટ ખરીદવાનો મોટો પડકાર ઊભો થયો છે. વેકેશનના સમયે ફ્લાઈટો બંધ થવાને કારણે બિઝનેસ ટૂર અને ફેમિલી ટ્રિપનું પ્લાનિંગ ખોરવાઈ ગયું છે. છેલ્લી ઘડીએ અન્ય એરલાઈન્સના ભાડા આસમાને હોવાથી ખિસ્સા પર ભારે બોજ પડશે." સ્પાઈસજેટ લાંબા સમયથી ગંભીર નાણાકીય કટોકટી અને વિવિધ કાનૂની વિવાદોનો સામનો કરી રહી છે. વિમાનોના ભાડા ન ચૂકવવા, સ્પેરપાર્ટ્સની અછત અને લેણદારોના દબાણને કારણે કંપનીની આર્થિક સ્થિતિ અત્યંત નબળી પડી ગઈ છે. આ જ કારણ છે કે કંપનીએ ખર્ચ ઘટાડવા અને ગ્રાઉન્ડ થયેલા વિમાનોને કારણે પોતાના ઓપરેશન્સ મર્યાદિત કરવાનો નિર્ણય લીધો છે, જેનો ભોગ હવે ગુજરાતના મુસાફરોએ બનવું પડ્યું છે. જો તમે પણ ૧ જૂન કે ત્યારપછીની સ્પાઈસજેટની ટિકિટ બુક કરાવી હોય, તો તુરંત જ એરલાઈન્સનો સંપર્ક કરી રિફંડ અથવા વૈકલ્પિક વ્યવસ્થા અંગે વિગતો મેળવી લેવી હિતાવહ છે. ગુજરાતના ઉડ્ડયન ક્ષેત્ર માટે આ એક મોટો ફટકો છે અને આનાથી અન્ય એરલાઈન્સના ભાડામાં વધારો થવાની પણ આશંકા સેવાઈ રહી છે.

### બંગાળમાં હાર બાદ મમતા બેનર્જીનો મોટો દાવો

# થોડા દિવસોમાં દિલ્હીમાંથી હટી જશે ભાજપ સરકાર

**બંગાળમાં ભલે ટીએમસીનું ૧૫ વર્ષનું શાસન ખતમ થયું હોય, પરંતુ ભાજપ સામે તેમની લડાઈ અટકશે નહીં**

કોલકાતા, તા.૨૦

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સુપ્રિમો મમતા બેનર્જીએ કેન્દ્રની ભાજપ સરકાર પર પ્રહારો કર્યા છે. ચૂંટણી પછીની કથિત હિંસા વિરુદ્ધ મમતા બેનર્જી પોતે વકીલના ડ્રેસમાં કોર્ટ પહોંચ્યા હતા. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬માં ભારતીય જનતા પાર્ટી સામે ૨૦૭ બેઠકો સામે માત્ર ૮૦ બેઠકો પર સિમિત થઈને સત્તા ગુમાવ્યા બાદ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના વડા મમતા બેનર્જીએ ભાજપ પર જોરદાર રાજકીય પ્રહાર કર્યો છે. ૧૯ મે ના રોજ કાલીઘાટ સ્થિત પોતાના નિવાસસ્થાને પક્ષના ધારાસભ્યોની બેઠકને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દાવો કર્યો હતો કે, "આવનારા દિવસોમાં ભાજપ સરકારને દિલ્હી (કેન્દ્ર) ની સત્તા પરથી પણ હટાવી દેવામાં આવશે." તેમણે ઉમેર્યું કે બંગાળમાં ભલે ટીએમસીનું ૧૫ વર્ષનું શાસન ખતમ થયું હોય, પરંતુ ભાજપ સામે તેમની લડાઈ અટકશે નહીં.મમતા બેનર્જીએ વર્તમાન શુભેન્દુ અધિકારી સરકાર પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, ચૂંટણી પરિણામો બાદ રાજ્યમાં લઘુમતી સમુદાયો અને રસ્તા કિનારે દુકાન લગાવતા ગરીબ હોકર્સને જાણી જોઈને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ચૂંટણી પછીની હિંસાના નામે હોકર્સની દુકાનો પર બુલડોઝર ચલાવવામાં આવી રહ્યા છે.

આ બુલડોઝર સંસ્કૃતિ અને તાનાશાહી વિરુદ્ધ ટીએમસી દ્વારા ૨૧ મે ૨૦૨૬ થી કોલકાતાના બજંજ્બૈજલીગંજ, હાવડા જંક્શન અને સિયાલદહ રેલવે સ્ટેશનની આસપાસ મોટા પાયે વિરોધ પ્રદર્શન શરૂ કરવામાં આવશે. ટીએમસીને આશા છે કે આ જન-આંદોલન દેશભરમાં ભાજપ વિરુદ્ધ વાતાવરણ તૈયાર કરશે.

ચૂંટણી પરિણામો બાદ કોલકાતા, હાવડા અને અન્ય જિલ્લાઓમાં થયેલી હિંસા, આગજની અને તોડફોડ મામલે ટીએમસીએ કાનૂની માર્ગ અપનાવ્યો છે. ટીએમસીએ કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુજોય પોલ સમક્ષ એક અરજી દાખલ કરીને ટીએમસી કાર્યકરો અને તેમની ઓફિસો પર થઈ રહેલા હુમલા અટકાવવાની માંગ કરી છે. આ મામલાની ગંભીરતાને જોતા, ૧૪ મે ના રોજ મમતા બેનર્જી પોતે વકીલનો પોશાક (કાળો ગાઉન) પહેરીને કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસની કોર્ટમાં પક્ષ રજૂ કરવા હાજર થયા હતા. ટીએમસીએ હિંસામાં માર્યા ગયેલા કાર્યકરોના પરિવારો માટે સુરક્ષા અને કોર્ટની દેખરેખ હેઠળ નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.બીજી તરફ ટીએમસીના જનરલ સેક્રેટરી અભિષેક બેનર્જીએ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી પર પ્રહાર કરતા કહ્યું કે, "રાજ્યે ઘણા મુખ્યમંત્રી જોયા છે, પરંતુ વર્તમાન સીએમ જેવા કોઈ નથી. જે વ્યક્તિ કેમેરા પર કથિત રીતે પૈસા લેતા ઝડપાયો હતો, તેને મુખ્યમંત્રી બનાવી દેવાયો છે." તેમણે ઉમેર્યું કે ભાજપ ભલે તેમનું ઘર તોડી પાડે કે નોટિસ મોકલે, તેઓ ઝૂકશે નહીં અને લડાઈ ચાલુ રાખશે.

### રાહુલ ગાંધીના તીખા પ્રહાર

# આર્થિક સંકટ માથે ઊભું છે અન PM ઈટાલીમાં ચોકલેટ વહેંચે છે

**ખેડૂતો, યુવાનો, મહિલાઓ, મજૂરો અને નાના વેપારીઓ પરેશાન છે, જ્યારે વડાપ્રધાન હસીને રીલ બનાવી રહ્યા છે : રાહુલ ગાંધી**

નવી દિલ્હી, તા.૨૦


કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા 'મેલોડી' ટૉફી મામલાને લઈને શાબ્દિક હુમલો કર્યો છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, આર્થિક તોફાન માથા પર છે, અને આપણા વડાપ્રધાન ઈટાલીમાં ટૉફી વહેંચી રહ્યા છે. તેમણે કહ્યું કે ખેડૂતો, યુવાનો, મહિલાઓ, મજૂરો અને નાના વેપારીઓ પરેશાન છે, જ્યારે વડાપ્રધાન હસીને રીલ બનાવી રહ્યા છે અને ભાજપના નેતાઓ તાળીઓ પાડી રહ્યા છે. રાહુલ ગાંધીએ તેને નેતૃત્વ નહીં, નાટક ગણાવ્યું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને ખાસ 'મેલોડી' ટૉફી ગિફ્ટ કરી. મેલોનીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માટે પીએમ મોદીનો આભાર માન્યો. ત્યારબાદ 'મેલોડી' સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયું.કૉંગ્રેસ સાંસદ અને લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કહ્યું, નરેન્દ્ર મોદીએ છેલ્લા ત્રણ મહિનામાં દેશની સુરક્ષા અને અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે જે પગલાં ભરવા જોઈતા હતા, તે ન ભર્યા. તેનાથી ઉલટું, તેઓ મેલોનીજી સાથે ટૉફી ખાઈ રહ્યા છે અને વીડિયો બનાવી રહ્યા છે, જાણે બધું મજાક ચાલી રહ્યું હોય. પછી જ્યારે આર્થિક તોફાન આવશે, ગરીબોને નુકસાન થશે, ખેડૂતોને ખાતર નહીં મળે, પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચવા લાગશે અને મોંઘવારી વધશે, ત્યારે મોદી હાથ જોડીને કહેશે- ભાઈઓ અને બહેનો, જો મારી ભૂલ હોય તો મને ફાંસી પર લટકાવી દો.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ દિવસની વિદેશ યાત્રાના છેલ્લા પડાવમાં ઈટાલીના પ્રવાસે છે. આ દરમિયાન તેમણે વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની માટે ટૉફીનું એક પેકેટ ગિફ્ટ કર્યું, જેનું નામ મેલોડી છે. એવું લાગ્યું કે આ તે બંને નેતાઓ માટે ઓનલાઈન ખૂબ જ ઉપયોગમાં લેવાતા વાઈરલ હેશટેગ #Melodi તરફ એક રમુજી ઈશારો હતો. ઓનલાઈન પોસ્ટ કરવામાં આવેલા એક હળવા-ફૂલ વીડિયોમાં, બંને વડાપ્રધાનોને સ્મિત કરતા અને હસતા જોવામાં આવ્યા. આ વીડિયોમાં ભારતીય વડાપ્રધાન, જેમણે વાદળી રંગનો બંધગળાનો સૂટ પહેર્યો હતો, મેલોની (જેમણે સફેદ સૂટ પહેર્યો હતો) ને પ્રખ્યાત મેલોડી ટૉફીઓની એક બેગ આપતા નજરે પડ્યા. આ ક્લિપને સોશિયલ મીડિયા પર શેર કરતા ઈટાલિયન વડાપ્રધાને લખ્યું, ગિફ્ટ માટે આભાર.

### નિષ્ણાતોએ કહ્યું - 'ખોખલી બયાનબાજી'

# ટ્રમ્પની નવી ધમકીઃ "શુક્રવાર કે વીકએન્ડ પર ઈરાન પર થશે નવો હુમલો"

નવી દિલ્હી, તા.૨૦

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર ફરી એકવાર સૈન્ય હુમલો કરવાની ખુલ્લી ધમકી આપી છે, જેના કારણે વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે ફરી એકવાર મોરચો ખોલતા આગામી દિવસોમાં મોટા સૈન્ય હુમલા (Airstrikes) કરવાની જાહેરાત કરી છે. બુધવારે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, "હું આશા રાખું છું કે અમારે યુદ્ધની જરૂર ન પડે, પરંતુ ઈરાનને વધુ એક મોટો ઝટકો આપવો પડી શકે છે." જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આ નવો હુમલો ક્યારે થશે, ત્યારે ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે આગામી બે-ત્રણ દિવસમાં એટલે કે શુક્રવાર, શનિવાર, રવિવાર અથવા આવતા સપ્તાહની શરૂઆતમાં એક મર્યાદિત સમય માટે આ સૈન્ય કાર્યવાહી કરવામાં આવી શકે છે.નોંધનીય છે કે ટ્રમ્પનું આ નિવેદન તેમના અગાઉના દબદબાથી તદ્દન વિપરીત છે. મંગળવારે જ ટ્રમ્પે એવો દાવો કર્યો હતો કે યુએઈ (UAE) જેવા ખાડી દેશોની વિનંતી અને આગ્રહના કારણે તેઓ હાલ પૂરતો ઈરાન પરનો હુમલો ટાળી રહ્યા છે. જો કે, ખાડી દેશોએ સત્તાવાર રીતે ટ્રમ્પના આ દાવાને નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે તેમણે આવી કોઈ વિનંતી કરી નથી.



આ આંતરરાષ્ટ્રીય ફજેતીના બરાબર એક દિવસ બાદ જ ટ્રમ્પે ફરી યુદ્ધનું રણશિંગું ફૂંક્યું છે. યુદ્ધવિરામ લાગુ થયા બાદથી ટ્રમ્પ અવારનવાર આવી ધમકીઓ આપી ચૂક્યા છે, પરંતુ ઈરાન પણ નમવા તૈયાર નથી.વ્યૂહાત્મક અને આર્થિક વિશ્લેષકો ટ્રમ્પની આ નવી ધમકીને ગંભીરતાથી લેવા તૈયાર નથી અને તેને માત્ર 'હૉટ એર' (માહોલ બનાવવા માટેની ખોખલી વાતો) ગણાવી રહ્યા છે. એસઈબી એબી (SEB AB) ના ચીફ કોમોડિટી એનાલિસ્ટ બ્યાર્ન શિએલ્ડ્રૉપે જણાવ્યું કે, "શરૂઆતમાં ટ્રમ્પના આવા નિવેદનોથી આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (Crude Oil) ના ભાવોમાં ભારે ઉથલપાથલ થતી હતી. પરંતુ વારંવાર ધમકીઓ આપીને પાછા હટી જવાની તેમની આદતને હવે બજાર સમજી ચૂક્યું છે. જ્યાં સુધી જમીન પર કોઈ વાસ્તવિક એક્શન નહીં થાય, ત્યાં સુધી આ મૌખિક ચેતવણીઓની અસર ઓછી થતી જશે." હાલ બંને પક્ષો પોતાની જૂની શરતો પર અડેલા છે.આ વૈશ્વિક મહાસંકટ વચ્ચે સત્તાના સમીકરણો પણ બદલાઈ રહ્યા છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન મંગળવારે બે દિવસના સત્તાવાર પ્રવાસે ચીન પહોંચ્યા છે. પુતિન ત્યાં ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠક યોજવાના છે, જેમાં મુખ્ય એજન્ડા ઈરાન યુદ્ધ અને પશ્ચિમ એશિયાના તણાવને રોકવાનો રહેશે. મહત્વનું છે કે ચીની પ્રમુખ જિનપિંગે તાજેતરમાં જ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પણ મુલાકાત કરી હતી, જેથી આ બેઠક વૈશ્વિક શાંતિ માટે અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે.

### 65 kmph ની ઝડપે પવન ફૂંકાશે

# ૧૩ રાજ્યોમાં ભારે તોફાન સાથે વરસાદનું એલર્ટ

**દિલ્હી-NCRમાં તીવ્ર ગરમીનું મોજું વધી રહ્યું છે, આગામી ત્રણ દિવસ સુધી લોકોને ગરમીનો સામનો કરવો પડશે**

નવી દિલ્હી, તા.૨૦

ઉત્તર ભારતમાં તીવ્ર ગરમીના મોજા વચ્ચે હવામાન વિભાગે ૧૩ રાજ્યોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને તોફાનનું એલર્ટ જારી કર્યું છે. IMD એ તેના એલર્ટમાં જણાવ્યું છે કે આ રાજ્યોમાં આગામી ૧૫ કલાકમાં મુશળધાર વરસાદ પડી શકે છે, જેમાં ૬૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. હવામાન વિભાગે જે રાજ્યો માટે એલર્ટ જારી કર્યું છે તેમાં બિહાર, ઝારખંડ, ઓડિશા અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. આ રાજ્યોના રહેવાસીઓને બગડતા હવામાન દરમિયાન સતર્ક રહેવાની ચેતવણી આપવામાં આવી છે. લોકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ ઘર છોડતા પહેલા તેમની આસપાસની પરિસ્થિતિ તપાસે અને જ્યાં સુધી ખૂબ જ જરૂરી ન હોય ત્યાં સુધી બહાર ન નીકળે.દિલ્હી (૨૧-૨૩ મે): દિલ્હી-NCRમાં તીવ્ર ગરમીનું મોજું વધી રહ્યું છે. આગામી ત્રણ દિવસ સુધી લોકોને ગરમીનો સામનો કરવો પડશે. ૨૦ મે થી ૨૨ મે સુધી ગરમીની ચેતવણી લાગુ છે. ૨૩ મે થી હવામાનમાં કેટલાક ફેરફારોની અપેક્ષા છે, જેમાં મોટાભાગે સ્વચ્છ આકાશ રહેવાની અપેક્ષા છે. યુપી (૨૧-૨૫ મે): ઉત્તર પ્રદેશમાં ભારે ગરમીનો કહેર ચાલી રહ્યો છે. બાંદા જિલ્લામાં તાપમાન ૪૭.૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગે હવે પશ્ચિમ અને પૂર્વ ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર વધવાની આગાહી કરી છે. ૨૧ થી ૨૫ મે દરમિયાન ભારે ગરમ પવન ફૂંકાશે. આગ્રા, નોઈડા, જાલૌન, બરેલી, વારાણસી, પ્રયાગરાજ અને કાનપુર માટે હીટવેવ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.રાજસ્થાન (૨૧ -૨૨ મે): રાજસ્થાનના મોટાભાગના ભાગોમાં ભારે ગરમી પડી રહી છે. જોરદાર, ધૂળિયા પવનોની અપેક્ષા છે. ૨૦ થી ૨૨ મે દરમિયાન ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ધૂળિયા પવન ફૂંકાશે. આગામી અઠવાડિયા સુધી રાજ્યના મોટાભાગના ભાગોમાં શુષ્ક હવામાન રહેવાની સંભાવના છે, જેમાં મહત્તમ તાપમાન બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધવાની સંભાવના છે. બિહાર (૨૧-૨૫ મે): હવામાન વિભાગે ૨૫ મે સુધી બિહારમાં વાવાઝોડા અને ભારે પવન ફૂંકાય તેવી ચેતવણી જારી કરી છે. આ સમયગાળા દરમિયાન, ૮૧ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈ શકે છે. રાજધાની પટનામાં વાવાઝોડા અને વરસાદ પડી શકે છે, જ્યારે પૂર્ણિયા, ભાગલપુર અને ગયા માટે પણ વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.મહારાષ્ટ્ર (૨૧-૨૧ મે): મહારાષ્ટ્રનો વિદર્ભ પ્રદેશ તીવ્ર ગરમીના મોજાનો સામનો કરી રહ્યો છે. હવામાન વિભાગે ૨૦-૨૧ મેના રોજ અકોલા, અમરાવતી અને વર્ધા માટે તીવ્ર ગરમીના મોજા માટે "ઓરેન્જ એલર્ટ" જારી કર્યું છે. આગામી દિવસોમાં નાગપુર, વર્ધા, અકોલા, અમરાવતી અને યવતમાલ સહિત વિદર્ભના મોટાભાગના ભાગોમાં ગરમીથી રાહત મળવાની કોઈ આશા નથી.

### યૂનાઈટેડ નેશન્સના અર્થશાસ્ત્રીઓએ દુનિયાને ચેતવી

# ઈરાન યુદ્ધના કારણે બધી અર્થવ્યવસ્થાઓ ખોરવાશે

**મોંઘવારી વધશે અને ગ્લોબલ ઈકોનોમી પર અસર થશે**

નવી દિલ્હી, તા.૨૦

ઈરાન અને અમેરિકાના યુદ્ધે આપી દુનિયા માટે મુશ્કેલીઓ વધારી દીધી છે. વૈશ્વિક સપ્લાયને ઊંડી અસર થઈ છે. મોંઘવારી વધતી જઈ રહી છે. એવામાં UN એટલે કે, યૂનાઈટેડ નેશન્સના અર્થશાસ્ત્રીઓએ આખી દુનિયાને ચેતવી છે કે, ઈરાન યુદ્ધના કારણે બધી અર્થવ્યવસ્થાઓ ખોરવાઈ જશે. મોંઘવારી પણ વધશે અને કોરોના મહામારીથી હજુ સુધી જે પણ ગ્રોથ થઈ છે, તેના પર પાણી ફરી વળશે.સંયુક્ત રાષ્ટ્રના અર્થશાસ્ત્રીઓએ ગ્લોબલ GDPને લઈને નવી ચેતવણી જારી કરી દીધી છે. તેમણે કહ્યું છે કે, મિડલ ઈસ્ટમાં જારી સંકટ અને ક્રૂડ ઓઈલની વધતી કિંમતોથી મોંઘવારી વધશે અને ગ્લોબલ ઈકોનોમી પર અસર થશે. માહિતી પ્રમાણે, વર્ષ ૨૦૨૬માં ગ્લોબલ ઈકોનોમીનો વિકાસ દર ૨.૫ ટકા રહેવાનો અંદાજ છે. તેના પહેલા જાન્યુઆરીમાં ૨.૭ ટકા વિકાસ દરનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. જો સ્થિતિ વધારે ખરાબ થઈ તો આ વિકાસ દર ૨.૧ ટકાની આસપાસ પણ જઈ શકે છે.

૧૦૦ વર્ષની સૌથી સુસ્ત ગતિ- UNના ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સનાં ડિરેક્ટર શાંતનુ મુખર્જીએ જણાવ્યું હતું કે, આ એક સદી એટલે કે ૧૦૦ વર્ષમાં સૌથી ધીમો વિકાસ દર હશે. આવું તો કોવિડ-૧૯ મહામારી અને ૨૦૦૮ની આર્થિક મહામંદી વખતે પણ થયુ નથી. તેમણે અંદાજ લગાવ્યો કે, ઈરાન સંકટના કારણે ગ્લોબલ મોંઘવારી આ વર્ષે ૩.૯ ટકા સુધી પહોંચી જશે, જે જાન્યુઆરીમાં લગાવવામાં આવેલા અંદાજ ૦.૮૦ ટકાથી વધારે છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બ્લોક હોવાથી દુનિયાના તમામ દેશોને ક્રૂડ, પ્રાકૃતિક ગેસ, ફર્ટિલાઈઝર્સ તેમજ અન્ય પેટ્રો ઉત્પાદનોની સપ્લાય પર અસર પડી રહી છે. દરેક વસ્તુને અસર કરે છે ક્રૂડ- મુખર્જીએ કહ્યું કે, ક્રૂડ એક એવી વસ્તુ છે જે લગભગ દરેક ઉત્પાદનને અસર કરે છે. ક્રૂડ ઓઈલ મોંઘુ થવાથી રિફાઈનરીનો ખર્ચ વધશે અને ઔદ્યોગિક ઉત્પાદન તેમજ કોમર્શિયલ પરિવહન ધીમું થશે. આનાથી વિશ્વભરના મોટાભાગના દેશોમાં મોંઘવારી વધશે.ધનવાન અને વિકસિત દેશોમાં મોંઘવારી ૨૦૨૬ સુધીમાં ૨.૬%થી વધીને ૨.૯% થઈ શકે છે, જ્યારે વિકાસશીલ દેશોમાં તે ૪.૨%થી વધીને ૫.૨% થઈ શકે છે. મોંઘું ઈંધણ માત્ર પરિવહન ખર્ચમાં જ નહીં વધારે, પરંતુ કમાણી પર પણ અસર કરશે.

# ભાયાવદર ખાતે મકનબાપા સેવા ધામ ખાતે ૨૫ દિકરીઓનો સમુહ લગ્નોત્સવ યોજાયો



અમરેલી, તા.૨૦

ભાયવદર ખાતે મકનબાપા સેવાધામ અને ચાવડા – રાવરાણી પરિવાર દ્વારા મકનબાપા મંદિરની ૨૫મી રજત જયંતી નિમિત્તે તા.૧૭ મે રવિવારના રોજ ભાયાવદર, ખાતે વાણંદ સમાજની ૨૫ દિકરીઓનો ભવ્ય સમૂહ લગ્નોત્સવ ભવ્યાતિ ભવ્ય સંપન્ન થયો હતો.

આ તકે રાજયકક્ષાના મંત્રી કૌશિક વેકરિયા, શરદ લાખાણી, (માજી પ્રમુખ અમરેલી જિલ્લા પંચાયત ) રામભાઈ સાનેપરા( માજી ચેરમેન બાંધકામ સમિતી અમરેલી, વિજયભાઈ દેસાઈ વી.એચ.પી. પ્રમુખ, રજનીભાઈ બુંધેલીયા (આર.વી.ફર્નિચર) ધર્મેશ પટેલ (શિવ કુંવરબા ટ્રસ્ટ અયોધ્યાજી) તેમજ સંતો – મહંતો ઉપસ્થિત રહી તમામ સામાજીક આગેવાનોએ ૨૫ નવદંપતીઓને સુખી દાંમ્પત્ય જીવન માટે આશીર્વચન પાઠવ્યા હતા. સમૂહ લગ્નોત્સવમાં દિકરીઓને ૧૨૫થી વધારે વસ્તુઓનો કરિયાવર તેમજ ૫ લાખની જીવનવીમા પોલીસી આપવામાં આવી હતી. તેમજ સમૂહ લગ્નોત્સવના દિવસે ૮ હજારથી વધુ મહેમાનોએ ભોજન લીધું હતું. નાસીક ઢોલથી ભવ્ય રીતે જાનનું આગમન અને દિકરીઓની કોલ્ડ ફાયરથી એન્ટ્રી કરવામાં આવી હતી. જે અનોખુ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. બ્રાહ્મણો દ્વારા પરંપરા મુજબ શાસ્ત્રોક્ત વિધિથી લગ્નવિધિ સંપન્ન કરવામાં આવી હતી. ત્રીજા સમૂહ લગ્નોત્સવ પ્રસંગે રક્તદાન કેમ્પ તેમજ સમગ્ર આયોજનમાં યોગદાન આપેલ દાતાઓના સન્માનનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી

# સાવરકુંડલા તાલુકાના પિપરડી ગામે પૂર નિયંત્રણ અને પાણી નિકાલ માટે રૂા. ૧.૧૪ કરોડના કામને સૈધ્ધાંતિક મંજુરી

**દર વર્ષે પુરના કારણે બેટ બનતા પીપરડી ગામને મળશે સમસ્યામાંથી મુકિત**

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાના પિપરડી ગામમાં ચોમાસા દરમ્યાન વરસતા ભારે વરસાદને કારણે ગામ તથા આસપાસના ખેતી વિસ્તારમાં વરસોથી ઉભી થતી પૂર અને પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી રાજય સરકાર દ્વારા ૪૦ વર્ષો જૂની મહત્વપૂર્ણ સમસ્યાના વિકાસકાર્યની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

ડીપનીંગ ઓફ હિપાવડલી, લીંડકીયા, ખારી અને સુખવો રીવર તથા રીસ્ટોરેશન ઓફ પ્રોટેક્શન બંડ એટ વિલેજ પિપરડી, તાલુકો સાવરકુંડલા નામની કામગીરી માટે અંદાજિત રૂા. ૧ કરોડ ૧૪ લાખના ખર્ચને સૈધ્ધાંતિક મંજૂરી મળતા ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

પિપરડી ગામની આસપાસ આવેલી હિપાવડલી, લીંડકીયા, ખારી અને સુખવો નદીઓમાં વર્ષોથી ગાદ ભરાઈ જવાના કારણે વરસાદી પાણીનો પ્રવાહ અવરોધાય છે. જેના પરિણામે ચોમાસા દરમિયાન ગામમાં પાણી ભરાઈ જવું, ખેતીની જમીનોમાં નુકસાન થવું તથા રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં અવરજવર મુશ્કેલ બનવી જેવી પરિસ્થિતિ સર્જાતી હતી.

હવે મંજૂર થયેલી કામગીરી અંતર્ગત નદીઓનું ડીપનીંગ અને સફાઈ કાર્ય હાથ ધરાશે, જેથી વરસાદી પાણીનો વહેણ સરળતાથી પસાર થઈ શકે. સાથે જ ગામ અને ખેતી વિસ્તારને પૂરથી સુરક્ષિત રાખવા માટે પ્રોટેક્શન બંડનું રીસ્ટોરેશન અને મજબૂતીકરણ કરવામાં આવશે.

આ કામગીરી પૂર્ણ થયા બાદ પિપરડી ગામમાં ચોમાસા દરમ્યાન પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે તેમજ ખેડૂતોને ખેતીમાં થતા નુકસાનમાંથી રાહત મળશે તેવી આશા વ્યકત કરવામાં આવી રહી છે. ગ્રામજનો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થશે અને ગામના વિકાસને નવી દિશા મળશે.સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પૂર નિયંત્રણ, પાણી વ્યવસ્થાપન અને ગ્રામ વિકાસને પ્રાથમિકતા આપી સતત વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે, સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામને ૧.૧૪ કરોડની મંજુર કરવા બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળસંપતી મંત્રી ઈરભાઈ પટેલનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

### અરાઘચીના નિવેદનથી અકળાશે ટ્રમ્પ

# નામોનિશાન મિટાવી દઈશું, અમેરિકાને ઈરાનનો સીધો પડકાર

**દાવા પાછળ ઈરાને અમેરિકન રિપોર્ટનો જ આપ્યો હવાલો**

તેહરાન, તા.૨૦

મિડલ ઈસ્ટમાં વધી રહેલી ભયાનક કટોકટી વચ્ચે ઈરાને ફરી એકવાર અમેરિકાને ખુલ્લી ચેતવણી આપી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જો અમેરિકા ફરીથી યુદ્ધ જેવી સ્થિતિ ઊભી કરશે, તો ઈરાન સરકાર અમેરિકન આર્મીને પહેલા કરતાં પણ ક્યાંય વધુ મોટું અને ભારે નુકસાન પહોંચાડવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. અરાઘચીએ અમેરિકાને અલ્ટીમેટમ આપતાં કહ્યું કે, ઈરાન અમેરિકાના અત્યાધુનિક ફાઈટર જેટ્સને તોડી પાડવામાં સહેજ પણ ખચકાશે નહીં.

ઈરાનના વિદેશ મંત્રીએ અમેરિકાને ધમકી આપવા પાછળ ખુદ અમેરિકન કોંગ્રેસની રિસર્ચ સર્વિસના એક તાજેતરના રિપોર્ટનો જ હવાલો આપ્યો છે. તેમણે જણાવ્યું કે, ખુદ અમેરિકાના આંતરિક દસ્તાવેજો અને રિપોર્ટ્સમાં પણ એ સ્વીકારવામાં આવ્યું છે કે ઈરાન સાથેના પાછલા સંઘર્ષો અને તણાવ દરમિયાન અમેરિકાને બહુ મોટું નુકસાન વેઠવું પડ્યું હતું.

રિપોર્ટના આંકડાઓ વિષે વાત કરતા અરાઘચીએ દાવો કર્યો કે, ઈરાન સાથેના લશ્કરી સંઘર્ષમાં અમેરિકાના અંદાજે ૪૨ જેટલા હાઈટેક ફાઈટર જેટ અને વિમાનો તબાહ થઈ ગયા હતા. જો ફરીથી જંગ શરૂ થશે, તો ઈરાન અમેરિકાના આનાથી પણ વધુ વિમાનોને મિસાઈલથી ઉડાવી દેવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે.અમેરિકન કોંગ્રેસની રિસર્ચ એજન્સી કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસ (CRS)ના સત્તાવાર રિપોર્ટ અનુસાર, ઈરાન વિરૂદ્ધ શરૂ કરાયેલા ઓપરેશન દરમિયાન ફાઈટર જેટ અને ડ્રોન સહિત ઓછામાં ઓછા ૪૨ અમેરિકન વિમાનો કાં તો સંપૂર્ણ નષ્ટ થઈ ગયા હતા અથવા તેમને ભારે નુકસાન પહોંચ્યું હતું.રિપોર્ટ અનુસાર, નુકસાન પામેલા અમેરિકન વિમાનોની યાદીમાં કેટલાય હાઈટેક સંરક્ષણ સાધનો સામેલ છે. જેમાં ફાઈટર જેટની વાત કરીએ તો 4 F-15E સ્ટ્રાઈક ઈગલ, 1 F-35A લાઈટનિંગ II અને 1 A-10 થંડરબોલ્ટ IIને ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત હવામાં જ ઈંધણ ભરતા 7 KC-135 સ્ટ્રેટોટેન્કર ફ્યુઅલ એરક્રાફ્ટ પણ આ યાદીમાં સામેલ છે. આ ઉપરાંત ખાસ પ્રકારના સ્પેશિયલ વિમાનોમાં 1 E-3 સેન્ટ્રી AWACS, 2 MC-130J કમાન્ડો II સ્પેશિયલ ઓપરેશન વિમાન અને 1 HH-60W જોલી ગ્રીન II હેલિકોપ્ટર તબાહ કે ક્ષતિગ્રસ્ત થયા છે. આ જંગમાં સૌથી મોટો ફટકો અમેરિકાના ડ્રોનને પડ્યો છે, જેમાં સંહારક ગણાતા 24 MQ-9 રીપર ડ્રોન અને 1 MQ-4C ટ્રાઈટન ડ્રોનનો સમાવેશ થાય છે.

### જોતાં જ ખુશ થઈ ગયા ઇટાલીના PM

# મોદીએ મેલોનીને ગિફ્ટ કર્યું મેલોડી ચોકલેટનું પેકેટ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ઇટાલીની મુલાકાતે છે, જ્યાં રાજધાની રોમમાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું**

રોમ, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ઈટાલીની મુલાકાતે છે, જ્યાં રાજધાની રોમમાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. PM મોદી અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગ્યા છે. તેમની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને મેલોડી ટોફી ચોકલેટનું પેકેટ ગિફ્ટ કર્યું હતું.

મેલોનીએ પોતે પીએમ મોદી તરફથી મળેલી આ ખાસ ભેટ અંગે સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કર્યો હતો અને તેમણે ગિફ્ટ માટે PM મોદીનો આભાર માન્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેના કારણે યુઝર્સ તરફથી વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ મળી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તેમની મુલાકાતની ક્ષણો શેર કરતા, પીએમ મોદીએ કહ્યું કે, રોમ પહોંચ્યા પછી, મને વડાપ્રધાન મેલોની સાથે રાત્રિભોજન માટે જોડાવાની તક મળી, ત્યારબાદ અમે પ્રતિષ્ઠિત કોલોસીયમની મુલાકાત લીધી. અમે વિવિધ વિષયો પર વિચારોનું આદાનપ્રદાન કર્યું. હું આજે યોજાનારી અમારી ચર્ચાઓ માટે આતુરતાથી રાહ જોઈ રહ્યો છું, જ્યાં અમે ભારત અને ઈટાલી વચ્ચેની મિત્રતાને વધુ મજબૂત બનાવવાની રીતો પર અમારી વાતચીત ચાલુ રાખીશું.બીજી એક પોસ્ટમાં ભારતીય વડાપ્રધાનનું ઉષ્માભર્યું સ્વાગત કરતા મેલોનીએ લખ્યું છે કે, રોમમાં આપનું સ્વાગત છે, મારા મિત્ર! તેમણે ઐતિહાસિક કોલોસિયમ ખાતે તેમના ફોટોગ્રાફ્સ પણ શેર કર્યા, જેમાં મુલાકાત દરમિયાન તેમની અનૌપચારિક વાતચીતનો સમાવેશ થાય છે. વડાપ્રધાન મોદીની મુલાકાત એવા સમયે આવી છે જ્યારે ભારત અને ઈટાલી વચ્ચેના સંબંધો વેગ પકડી રહ્યા છે. બંને દેશો વચ્ચે સંયુક્ત વ્યૂહાત્મક કાર્ય યોજના ૨૦૨૫-૨૦૨૯ને આગળ વધારવા માટે કામ કરી રહ્યા છે, જે મુખ્ય ક્ષેત્રોમાં સહયોગની રૂપરેખા આપે છે.

# ક્રેશ થઈ જશે ક્રૂડ ઓઇલની કિંમતો : ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો

વોશિંગ્ટન, તા.૨૦

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ તેમજ હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે આખી દુનિયા હાલમાં ભારે ઓઈલ અને ગેસ સંકટનો સામનો કરી રહી છે. ક્રૂડ ઓઈલની કિંમતોમાં આવેલા ઉછાળાએ વૈશ્વિક સ્તરે મોંઘવારીનું જોખમ વધાર્યું છે, જેની માઠી અસર બ્રિટનથી લઈને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ભારત સુધી જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત સતત $110 ડૉલર પ્રતિ બેરલ ચાલી રહી છે. જોકે, આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યા છે કે ટૂંક સમયમાં જ ક્રૂડ ઓઈલના ભાવ ક્રેશ થઈ શકે છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે હવે ઈરાન યુદ્ધ ટૂંક સમયમાં જ પૂરું થશે અને ઓઈલના ભાવ નીચે આવી જશે.ડોનાલ્ડ ટ્રમ્પના મતે, ઈરાન સાથે ચાલી રહેલો જંગ હવે બહુ લાંબી નહીં ખેંચાય અને ખૂબ જ ટૂંક સમયમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો કડાકો જોવા મળશે. તેમણે દાવો કર્યો છે કે, ઈરાન સરકાર અમારી સાથે શાંતિ કરાર કરવા માટે આતુર છે. ઈરાન પાસે ઓઈલનો અખૂટ ભંડાર હોવાથી, જો આ ડીલ સફળ રહેશે તો વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો ખૂબ જ ઝડપથી ઘટી જશે. ત્યાં એટલો મોટો ઓઈલનો સ્ટોક છે કે માર્કેટમાં ભાવ ધડાધડ તૂટી જશે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, સાઉદી અરેબિયા, કતાર, યુએઈ, કુવૈત, બહેરીન અને અન્ય મધ્યપૂર્વના દેશો આ કરાર કરાવવા માટે એક ટીમ તરીકે કામ કરી રહ્યા છે. અમેરિકા પણ ઈરાનને આ શાંતિ કરાર માટે મર્યાદિત સમય આપી રહ્યું છે, કારણ કે ઈરાનને કોઈ પણ સંજોગોમાં પરમાણુ હથિયાર રાખવાની મંજૂરી આપી શકાય નહીં. આ ઉપરાંત ટ્રમ્પે ચિંતા વ્યક્ત કરી હતી કે જો ઈરાન પરમાણુ હથિયાર મેળવી લેશે, તો તે ચોક્કસપણે તેનો ઉપયોગ કરશે.એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે ચોંકાવનારો ખુલાસો કરતાં કહ્યું કે, હું ઈરાન પર સૈન્ય હુમલો કરવાનો આદેશ આપવાની બિલકુલ નજીક હતો. અમે હુમલા માટે સંપૂર્ણ રીતે તૈયાર હતા અને માત્ર એક જ કલાકનો સમય બાકી હતો. પરંતુ તે જ સમયે કતાર, સાઉદી અરેબિયા, કુવૈત અને યુએઈ સહિતના મધ્યસ્થી દેશોના ફોન આવ્યા અને મેં મારો ઈરાદો બદલી નાખ્યો. આ દેશોએ ખાતરી આપી હતી કે તેહરાન શાંતિ મંત્રણા માટે યોગ્ય વલણ અપનાવી રહ્યું છે.

### રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જૂનમાં દરમિયાન મળી શકે છે

# વડાપ્રધાન મોદી અને ટ્રમ્પની આવતા મહિને થશે મુલાકાત

**ટ્રમ્પ ફ્રાન્સમાં G7 સમિટમાં હાજરી આપશે : આ બેઠક ૧૫થી ૧૭ જૂન દરમિયાન ફ્રાન્સના એવિયન-લેસ-બેન્સમાં યોજાશે**

નવી દિલ્હી, તા.૨૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આવતા મહિને મળી શકે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ ફ્રાન્સમાં G7 સમિટમાં હાજરી આપશે. આ બેઠક ૧૫થી ૧૭ જૂન દરમિયાન ફ્રાન્સના એવિયન-લેસ-બેન્સમાં યોજાશે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોને પીએમ મોદીને G7 સમિટમાં આમંત્રણ આપ્યું છે. ૧૬ મહિનાથી વધુ સમયમાં પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચેની આ પહેલી મુલાકાત હોઈ શકે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી G7 સમિટ માટે ફ્રાન્સની મુલાકાત લેવાના છે. એજન્સી અનુસાર, આ સમિટ ૧૫થી ૧૭ જૂન દરમિયાન યોજાવાની છે.તાજેતરમાં, ફ્રાન્સના વિદેશ મંત્રાલયે આ મુલાકાતની પુષ્ટિ કરતું એક નિવેદન બહાર પાડ્યું હતું. આ નિવેદનમાં વિદેશ પ્રધાન એસ. જયશંકર અને યુરોપ અને વિદેશ પ્રધાન જીન-નોએલ વચ્ચેની વાતચીતના મુખ્ય મુદ્દાઓની રૂપરેખા આપવામાં આવી હતી. આ વાતચીત ફ્રાન્સમાં અબે ડેસ વોક્સ-ડી-સેર્ને ખાતે G7 વિદેશ પ્રધાનોની બેઠક દરમિયાન થઈ હતી.એક સત્તાવાર ફ્રેન્ચ પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે, બંને મંત્રીઓએ એવિયન સમિટ (૧૫-૧૭ જૂન)માં વડા પ્રધાન મોદીની ભાગીદારીની પુષ્ટિનું સ્વાગત કર્યું. આને ધ્યાનમાં રાખીને, બંને મંત્રીઓએ ૭૭ના કાર્યમાં ભારતના યોગદાન પર ભાર મૂક્યો. ભારત ૭૭નો સભ્ય ન હોવા છતાં, ફ્રાન્સે તેને ભાગીદાર દેશ તરીકે આમંત્રણ આપ્યું છે.

### ઇંધણનો પુરવઠો તાત્કાલિક પહોંચાડવા આદેશ

# ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલ-ડીઝલની અછત મુદ્દે કેબિનેટમાં ચર્ચા





**રાજ્યના કોઈપણ ખૂણે નાગરિકોને ઇંધણ મેળવવામાં હાલાકી ન પડવી જોઈએ અને જ્યાં પણ અછત છે ત્યાં ત્વરિત પુરવઠો પહોંચાડવામાં આવે**

અમદાવાદ,તા.૨૦

રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા થોડા દિવસોથી વર્તાઈ રહેલી પેટ્રોલ અને ડીઝલની અછતની સમસ્યાને લઈને ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં ગંભીર ચર્ચા કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં ખાસ કરીને ગ્રામીણ પંથકના નાગરિકો અને ખેડૂતોને થઈ રહેલી પરેશાનીનો મુદ્દો કેન્દ્ર સ્થાને રહ્યો હતો. મુખ્યમંત્રીએ તંત્રને સ્પષ્ટ અને કડક આદેશ આપ્યા છે કે, રાજયના કોઈપણ ખૂણે નાગરિકોને ઈંધણ મેળવવામાં હાલાકી ન પડવી જોઈએ અને જ્યાં પણ અછત છે ત્યાં ત્વરિત પુરવઠો પહોંચાડવામાં આવે.

કેબિનેટ બેઠક બાદ સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વર્તમાન સમયમાં પેટ્રોલ અને ડીઝલની માંગમાં અચાનક ૩૫ થી ૪૦ ટકા જેટલો મોટો ઉછાળો આવ્યો છે. લોકોમાં અછતની ભીતિને કારણે એકસાથે પેટ્રોલ પંપ પર ખરીદી કરવા પહોંચી રહ્યા છે, જેના લીધે અચાનક ડિમાન્ડ વધી ગઈ છે અને વ્યવસ્થા પર દબાણ ઊભું થયું છે. જો કે, વધતી માંગ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા તમામ વિસ્તારોમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે યુદ્ધના ધોરણે નવી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી રહી છે.સરકારે રાજયના તમામ નાગરિકોને ઈંધણ ખૂટી પડવાની ખોટી અફવાઓથી સાવધાન રહેવા અને ગભરાટમાં આવીને ખરીદી ન કરવા અપીલ કરી છે. કેબિનેટમાં લેવાયેલા નિર્ણય મુજબ, અછતગ્રસ્ત વિસ્તારોમાં ઓઈલ કંપનીઓ સાથે સંકલન સાધીને ટેન્કરો દ્વારા વધારાનો જથ્થો રવાના કરી દેવામાં આવ્યો છે. તંત્ર એકસાથે તમામ જગ્યાએ પુરવઠો પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ છે અને ટૂંક સમયમાં જ સમગ્ર સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય થઈ જશે તેવી ખાતરી આપવામાં આવી છે.

# અમરેલી : જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીઓએ વસ્તી ગણતરી અંતર્ગત ઓનલાઇન સ્વ-ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી

વસ્તી ગણતરી – ૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરાતી રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગુજરાત રાજયમાં જન ગણતા – ૨૦૨૭ અંતર્ગત સ્વ–ગણતરી (Self Enumeration) પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. હવે જન ગણનામાં સહભાગી થવું વધુ સરળ, સ્માર્ટ અને સુવિધાજનક બન્યું છે. નાગરિકો જાતે કોમ્પ્યુટર કે મોબાઈલ પર જ ઓનલાઈન સ્વ–ગણતરીમાં ભાગ લઈ શકે છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા માહિતી કચેરી અમરેલીના કર્મયોગીઓએ સ્વ–ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી છે. અમરેલી જિલ્લાના નાગરિકો ૩૧ મે, ૨૦૨૬ સુધી રોજના ૨૪ કલાક, દેશના કોઈપણ ખૂણેથી આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ–ગણતરી કરી શકશો. અથવા કમ્પ્યુટર દ્વારા ઘેર બેઠા જ થોડી જ મિનિટોમાં આપના વર્તમાન રહેઠાણ તથા પરિવારની વિગતો સરળ તાથી નોંધી શકાશે. સ્વ–ગણતરી માટે કોઈપણ પ્રકારના દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર રહેશે નહીં. સ્વ–ગણતરી પૂર્ણ થયા બાદ આપને એક યુનિક SEID પ્રાપ્ત થશે. ત્યારબાદ ગણતરીદાર આપના ઘરે મુલાકાતે આવે ત્યારે માત્ર SEID દર્શાવી સમગ્ર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી શકાશે.

## પાના ૧ ઉપરનું ચાલું જિલ્લાભરમાં મેડિકલ સ્ટોર સજ્જડ બંધ

બંધ જોવા મળ્યા હતા.

કેમિસ્ટ એસોસિએશનના આગેવાનોના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન ફાર્મસી દ્વારા દવાઓના વેચાણમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે પરંપરાગત મેડિકલ સ્ટોર્સના વ્યવસાય પર ગંભીર અસર પડી રહી છે. સાથે સાથે ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે ડુપ્લીકેટ અને બિનપ્રમાણભૂત દવાઓના વેચાણ થવાની શકયતાઓ સામે પણ કેમિસ્ટોએ ચિંતા વ્યકત કરી હતી.

આ મુદ્દે સરકાર દ્વારા કડક નિયંત્રણ અને યોગ્ય નીતિ બનાવવાની માંગ સાથે બંધનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાભરના મેડિકલ સ્ટોર સંચાલકોએ એકતા દર્શાવી બંધને ટેકો આપ્યો હતો. જેના કારણે શહેરોના મુખ્ય બજાર વિસ્તારોમાં મેડિકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ જોવા મળ્યા હતા.

જો કે દર્દીઓને કોઈ ગંભીર મુશ્કેલી ન પડે તે માટે ઈમરજન્સી દવાઓ ઉપલબ્ધ રહે તે હેતુથી નક્કી કરેલ મેડિકલ સ્ટોર્સ ખુલ્લા રાખવામાં આવ્યા હતા. ખાસ કરીને હોસ્પિટલ આસપાસ આવેલા મેડિકલ સ્ટોર્સમાં જરૂરી દવાઓની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

બંધ દરમિયાન કેમિસ્ટ એસોસિએશનના આગેવાનો દ્વારા સરકાર સમક્ષ ઓનલાઈન ફાર્મસી પર નિયંત્રણ, ગ્રાહકોની સુરક્ષા તથા સ્થાનિક વેપારીઓના હિતોના રક્ષણ માટે અસરકારક પગલાં ભરવાની માંગ કરવામાં આવી હતી. જિલ્લામાં બંધ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયો હતો.

**બાબરા**

બાબરા શહેરમાં કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશન દ્વારા આપવામાં આવેલ બંધના એલાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. શહેરના તમામ મેડિકલ સ્ટોર સ્વૈચ્છિક રીતે બંધ રાખવામાં આવ્યા હતા. ઓનલાઈન ફાર્મસી દ્વારા ભારે ડિસ્કાઉન્ટના નામે દર્દીઓના આરોગ્ય સાથે થઈ રહેલા ખેલ અને સ્થાનિક મેડિકલ વ્યવસાય પર પડતી અસર સામે કેમિસ્ટ એસોસિએશન દ્વારા આ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

એસોસિએશન દ્વારા જણાવાયું હતું કે, ઓનલાઈન દવાઓના વેચાણમાં ઘણી વખત નકલી, સમયમર્યાદા નજીકની અથવા યોગ્ય માર્ગદર્શન વિના દવાઓ દર્દીઓ સુધી પહોંચતી હોવાના પ્રશ્નો ઉભા થયા છે. જેના કારણે લોકોના આરોગ્યને ગંભીર જોખમ ઊભું થઈ શકે છે. દર્દીઓની સુરક્ષા અને વિસનીય દવા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મેડિકલ સ્ટોર સંચાલકો દ્વારા એકતા દર્શાવી બંધ પાળવામાં આવ્યો હતો.

તેમ છતાં દર્દીઓને તાત્કાલિક સારવારમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે બાબરા સિવિલ હોસ્પિટલ સામે આવેલ આસોપાલવ મેડિકલ સ્ટોરને ઈમરજન્સી સેવા માટે ખુલ્લો રાખવામાં આવ્યો હતો. જયાં જરૂરિયાતમંદ દર્દીઓને દવા અને ઈન્જેકશન જેવી આવશ્યક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

કેમિસ્ટ એસોસિએશનના આગેવાનો દ્વારા લોકોને અપીલ કરવામાં આવી હતી કે જીવનજરૂરી દવાઓની અગાઉથી વ્યવસ્થા રાખે અને વિસનીય મેડિકલ સ્ટોરમાંથી જ દવાઓ ખરીદી પોતાના આરોગ્યની સુરક્ષા જાળવે. શહેરના મેડિકલ વ્યવસાયકારોએ દર્દીઓના હિતને પ્રથમ પ્રાથમિકતા આપી શાંતિપૂર્ણ રીતે બંધ સફળ બનાવ્યો હતો.


સંકુલ ધો. ૬ થી ૧૦ પ્રવેશ

ગર્લ્સ સ્કૂલ બપોર
મિશ્ર સ્કૂલ સવાર
EM સ્કૂલ સવાર

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad 074



## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગીરનાર શીંગ | ૧૩૫૫ | ૧૩૫૫ |
| ૨ | શિંગ મોટી | ૧૧૯૫ | ૧૪૪૫ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૧૮૮૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૮૦ | ૧૮૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૧૦ |
| ૬ | તલ કાળા | ૨૨૩૦ | ૩૬૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૫૦ | ૨૩૨૫ |
| ૮ | બાજરો | ૩૬૦ | ૪૬૦ |
| ૯ | જુવાર | ૪૦૫ | ૮૯૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૬૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| ૧૨ | મકાઈ | ૨૯૦ | ૫૨૦ |
| ૧૩ | મગ | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ૧૪ | અડદ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| ૧૫ | ચણા | ૯૧૦ | ૧૧૩૦ |
| ૧૬ | ચણા દેશી | ૯૮૫ | ૧૧૦૫ |
| ૧૭ | સફેદ ચણા | ૧૦૬૦ | ૧૧૪૦ |
| ૧૮ | તુવેર | ૮૭૫ | ૧૬૨૦ |
| ૧૯ | કપાસ | ૧૦૦૦ | ૧૯૭૦ |
| ૨૦ | એરંડા | ૧૦૩૫ | ૧૨૮૫ |
| ૨૧ | જીરૂ | ૨૩૦૦ | ૩૯૨૫ |
| ૨૨ | રાય | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ૨૩ | ધાણા | ૧૬૦૦ | ૨૩૬૫ |
| ૨૪ | ધાણી | ૨૦૦૦ | ૨૫૨૦ |
| ૨૫ | મેથી | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૨૬ | સોયાબીન | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૨૭ | મરચા લાંબા | ૧૧૫૦ | ૨૭૫૦ |
| ૨૮ | કલોંજી | ૧૯૦૦ | ૩૧૫૦ |

### બેલા ખાતે યોજાયેલ NCC-CATE કેમ્પમાં

# અમરેલીની કાબરીયા આર્ટસ, વઘાસીયા કોમર્સ અને ભગત સાયન્સ મહિલા કોલેજ અગ્રેસર

### ડ્રામા સ્પર્ધા, ગાર્ડ ઓફ ઓનર અને પબ્લીક સ્પીચમાં પ્રથમ સ્થાન

અમરેલી, તા. ૨૦

લોક નિકેતન ટ્રસ્ટ હાઈસ્કુલ બેલા ખાતે એનસીસી–સીએટીસી કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ કેમ્પમાં કાબરીયા આર્ટસ, વઘાસીયા કોમર્સ એન્ડ ભગત સાયન્સ મહિલા કોલેજ, અમરેલીની વિદ્યાર્થીનીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. જેમાં ડ્રામા સ્પર્ધામાં, ગાર્ડ ઓફ હોનર અને પબ્લિક સ્પીચમાં પ્રથમ ક્રમાંક, તેમજ બેસ્ટ કેડેટ સ્પર્ધામાં દ્વિતીય અને તૃતીય સ્થાન હાંસલ કરી શાળાનું નામ ગૌરવપૂર્ણ બનાવ્યું.

## પાના ૮ ઉપરનું ચાલું રાત્રિનાં સમયે બાઈક ચાલકનું

અકસ્માતની જાણ થતા જ આસપાસના વિસ્તારના લોકો અને સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી યુવકને વડિયા સિવિલ હોસ્પિટલમાં લાવી તેના સગાને બોલાવી તેના પીએમ માટેની કાર્યવાહી હાથ ધરી હતી. વડિયા પોલીસે મૃતક યુવાન અર્જુન કાળુભાઈ ખરટે (ઉંમર વર્ષ ૨૫)ના ભાઈ ભીમભાઈ કાળુભાઈ ખરટેની ફરિયાદના આધારે વડિયા પોલીસે ઈકો ચાલાક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ વિગતમાં જણાવ્યા અનુસાર આસપાસના લોકોના કહેવા અનુસાર આ ઈકો કાર નં. જી.જે.–૦૬ જેકયુ–૦૫૬૯ નંબરની હોવાનુ જાણવા મળી રહ્યું છે. પુરપાટ ઝડપે માતેલા સાંઢ ની જેમ દોડતા વાહનો સામે પોલીસ કાર્યવાહી કરે જેથી વધુ અકસ્માત અટકાવી શકાય તેવી લોક માંગણી પણ જોવા મળી રહી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ સુપર | ૧૬૮૦ | ૨૦૦૯ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૨૦ |
| ૩ | મગફળી | ૧૨૭૦ | ૧૩૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૨૨૦ |
| ૫ | તલ કાળા | ૨૯૧૦ | ૩૩૩૦ |
| ૬ | જીરૂ | ૨૯૨૦ | ૩૬૬૦ |
| ૭ | ચણા | ૧૦૮૦ | ૧૧૨૦ |
| ૮ | ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| ૯ | એરંડા | ૧૦૪૦ | ૧૧૯૦ |
| ૧૦ | મગ | ૧૪૯૦ | ૧૬૮૦ |
| ૧૧ | તુવેર | ૧૨૧૫ | ૧૪૦૫ |
| ૧૨ | ધાણા | ૧૫૭૦ | ૨૪૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૩૦ | ૧૪૮૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૩ | શીંગ નવી | ૧૩૦૦ | ૧૬૬૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૫૦ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૫૦ |
| ૬ | જીરૂ | ૨૭૦૦ | ૩૬૦૧ |
| ૭ | કપાસ | ૧૬૦૦ | ૨૦૦૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૮૦ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૬૮૨ |
| ૧૪ | ચોળી | ૧૬૪૨ | – |
| ૧૫ | અડદ | ૧૨૦૦ | ૧૬૪૨ |
| ૧૬ | ચણા | ૧૦૫૦ | ૧૧૩૫ |
| ૧૭ | દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૩૦ |
| ૧૮ | તુવેર | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૧૯ | એરંડી | ૧૨૦૦ | ૧૨૬૧ |
| ૨૦ | મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૨૧ | રાય/રાયડો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૨૨ | ધાણા | ૨૦૦૦ | ૨૭૦૦ |
| ૨૩ | સોયાબીન | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૨૪ | કલોંજી | ૩૦૦૦ | ૩૧૫૦ |

### લોકશાહી બચાવવા ''વન નેશન વન ઇલેક્શન'' પ્રસ્તાવનો કોંગ્રેસ દ્વારા સખત વિરોધ

# રાજય સરકારો અને વિધાનસભાઓના અધિકારો છીનવી સ્વાયત્તતા પર તરાપ મારવાનો પ્રયાસ

### ''વન નેશન વન ઇલેક્શન'' બિલ બંધારણ અને સંઘીય માળખાની વિરૂધ્ધ : અમિત ચાવડા

અમદાવાદ, તા. ૨૦

ગાંધીનગરમાં યોજાયેલી વન નેશન, વન ઈલેક્શન બિલની જેપીએસની બેઠક બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ધારાસભ્યો સાથે પ્રેસ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, વન નેશન, વન ઈલેક્શન બિલનો કોંગ્રેસ પાર્ટી સખત વિરોધ કરીએ છીએ. કારણ કે તેની પાછળ સત્તાનું કેન્દ્રીકરણ કરવાનો કેન્દ્ર સરકારનો છુપો એજન્ડા સ્પષ્ટ દેખાય છે. આ બિલ ભારતીય બંધારણની મૂળ ભાવના અને દેશના સંઘીય માળખાની વિરૂધ્ધ છે, જે રાજયોની સ્વાયત્તતા અને સત્તા પર તરાપ મારે છે. બિલમાં એવી જોગવાઈ છે કે જો કોઈ રાજયમાં સરકાર અકાળે પડી જાય, તો ત્યાં મધ્યવર્તી ચૂંટણી ફકત બાકી બચેલા સમયગાળા માટે જ થશે. આ જોગવાઈ વર્ષ ૧૯૪૯માં બંધારણ સભામાં ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા એ સિધ્ધાંતની વિરૂધ્ધ છે, જેમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે મતદાર હંમેશા પાંચ વર્ષની પૂર્ણ સરકાર માટે જ પોતાનો કિંમતી મત આપે છે, અડધા સમય માટે નહીં. આ ઉપરાંત, ચૂંટણીના ખર્ચ અને સરકારી તંત્રની બચતનો જે તર્ક આપવામાં આવે છે તે પણ જમીની હકીકતથી તદ્દન અલગ છે, કારણ કે ચૂંટણી પાછળ થતો ખર્ચ કેન્દ્ર અને રાજયોના કુલ બજેટના એક ટકા કરતાં પણ ઓછો છે. તેની સામે, આખા દેશમાં એક સાથે ચૂંટણી કરાવવા માટે આટલી મોટી સંખ્યામાં સુરક્ષા બળ બંદોબસ્ત કરવા અને અબજો રૂપિયાના ખર્ચે નવા EVM તથા VVPAT મશીનો ખરીદવા એ વ્યવહારિક અને આર્થિક બંને દ્રષ્ટિએ અયોગ્ય છે. આથી, લોકશાહી અને બંધારણના રક્ષણ માટે આ પ્રસ્તાવનો સખત વિરોધ કરીએ છીએ.



એક સાથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ યોજવાથી રાષ્ટ્રીય મુદ્દાઓ હાવી થઈ જશે, જેના કારણે રાજયોના અને સ્થાનિક કક્ષાના પાયાના પ્રશ્નો સંપૂર્ણપણે દબાઈ જશે. આ વ્યવસ્થાથી મતદારો ભ્રમિત થશે અને તેઓ કયા મુદ્દાના આધારે કઈ સરકારની નિષ્ફળતાઓનું મૂલ્યાંકન કરવું તે નક્કી નહીં કરી શકે. બિલમાં આચારસંહિતા (Code of Conduct)ના કારણે વિકાસકાર્યો અટકતા હોવાની જે વાત કરવામાં આવી છે તે અયોગ્ય છે, કારણ કે આચારસંહિતા પૂર્વે મંજૂર થયેલા કામો કે નિર્ણયો ક્યારેય અટકતા નથી. વાસ્તવમાં આ બિલ દેશના સંઘીય માળખા અને બંધારણની મૂળ ભાવનાની વિરૂદ્ધ છે, જે રાજય સરકારો અને વિધાનસભાઓના અધિકારોને સીમિત કરીને સત્તાનું કેન્દ્રીકરણ કરવાનો પ્રયાસ કરે છે. આ બિલ પાછળના છૂપા એજન્ડાથી સ્થાનિક પ્રશ્નો અને લોકોના મતાધિકારનું મહત્વ ઘટી જવાની તીવ્ર શક્યતા હોવાથી તેનો કોંગ્રેસ પાર્ટી દ્વારા સખત વિરોધ કરવામાં આવે છે.

## જાહેર નોટિસ

આથી હું **હીતેષકુમાર એમ. મીઠાપરા** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગતે ખરીદ કરેલ છે.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાનાં મોજે :– કુંડળ નાની ગામના, ખેડ ખાતા નં.– ૫૨૧ બ્લોક/સર્વે નં. ૩૮/૨ પૈકી ૧ જમીન હે.આરે. ૧–૬૧–૮૮, ચો.મી.વાળી પિયત/બિન પિયત ખેતીની જમીનમાંથી કુલ હે.આરે. ૧–૬૧–૮૮ ચો.મી. વાળી જમીન અમારા અસીલશ્રીએ ભરતદાન, દેવીદાન પાસેથી વેચાણ દસ્તાવેજ કરી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરવા માંગે છે.**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૮માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૮ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તારીખ : ૨૦/૦૫/૨૦૨૬ને બુધવારના રોજ
મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા. જિ. અમરેલી,
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)

## જાહેર નોટિસ

આથી હું **હીતેષકુમાર એમ. મીઠાપરા** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગતે ખરીદ કરેલ છે.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાનાં મોજે :– કુંડળ નાની ગામના, ખેડ ખાતા નં. ૫૨૨ બ્લોક/સર્વે નં. ૩૯ પૈકી ૪/પૈકી ૨ જમીન હે.આરે.૨–૮૩–૨૮, ચો.મી.વાળી પિયત/બિન પિયત ખેતીની જમીનમાંથી કુલ હે.આરે. ૨–૮૩–૨૮ ચો.મી. વાળી જમીન અમારા અસીલશ્રીએ માવજીભાઈ રામભાઈ પાસેથી વેચાણ દસ્તાવેજ કરી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરવા માંગે છે.**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૮ માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૮ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તારીખ : ૨૦/૦૫/૨૦૨૬ ને બુધવારના રોજ
મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા. જિ. અમરેલી,
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૭૧ | ૧૫૬૯ |
| ૨ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૫૦ |
| ૩ | તલ કાળા | ૧૭૫૦ | ૩૪૪૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| ૫ | બાજરો | ૩૪૦ | ૫૧૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૬૧ | ૫૦૦ |
| ૭ | જુવાર | ૪૦૧ | ૧૦૦૫ |
| ૮ | મકાઈ | ૩૯૦ | ૪૦૦ |
| ૯ | મગ | ૧૦૦૦ | ૧૬૫૬ |
| ૧૦ | અડદ | ૧૫૬૧ | ૧૫૬૧ |
| ૧૧ | તુવેર | ૧૧૫૦ | ૧૩૫૪ |
| ૧૨ | ચણા | ૭૦૧ | ૧૦૯૧ |
| ૧૩ | ધાણા | ૧૯૨૦ | ૧૯૨૦ |
| ૧૪ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૫ | સોયબીન | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૧૬ | અજમા | ૧૯૦૧ | ૧૯૦૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં | ૪૧૬ | ૪૬૧ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૬૭ |
| ૫ | તુવેર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૪૨૫ | ૨૦૨૦ |
| ૭ | તલ કાળા | ૨૫૫૦ | ૩૨૪૦ |
| ૮ | મગ | ૧૪૬૫ | ૧૬૦૦ |
| ૯ | શીંગ ફાડા | ૧૫૫૧ | ૧૮૦૧ |
| ૧૦ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | રાઈ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૧૨ | સોયાબીન | ૧૦૪૦ | ૧૧૦૦ |

### કૂતરા પ્રેમીઓની જવાબદારી હવે નક્કી કરવામાં આવશે

# સુપ્રીમ કોર્ટે હડકવા અને ગંભીર રીતે બીમાર કૂતરાઓને મારી નાખવાની મંજૂરી આપી

**રખડતા કૂતરાઓની વધતી વસ્તીને પહોંચી વળવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા નક્કર પ્રયાસોના અભાવ પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી**

નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરાઓ અંગેના પોતાના અગાઉના આદેશને ઉલટાવી દેવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ, કોર્ટના નિર્ણયને ઉલટાવી દેવાની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી, પરંતુ કોર્ટે અરજી ફગાવી દીધી હતી.સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરાઓના પુનર્વસન અને નસબંધી અંગેના પોતાના 7 નવેમ્બર, 2025ના આદેશમાં ફેરફાર અથવા તેને પાછો ખેંચવાની માંગ કરતી બધી અરજીઓ ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે રખડતા પ્રાણીઓ અંગે ભારતીય પશુ કલ્યાણ બોર્ડ (AWBI) દ્વારા જારી કરાયેલા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ની માન્યતાને પડકારતી અરજીઓ પણ ફગાવી દીધી છે. ન્યાયાધીશ વિક્રમ નાથ, ન્યાયાધીશ સંદીપ મહેતા અને ન્યાયાધીશ એન.વી. અંજારિયાની બેન્ચે આ મામલાની સુનાવણી કરી હતી. કોર્ટે શૈક્ષણિક સંસ્થાઓ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, રમતગમત સંકુલ, હોસ્પિટલો વગેરેમાંથી રખડતા કૂતરાઓને દૂર કરવા માટેના તેના અગાઉના નિર્દેશોમાં ફેરફાર કરવાનો ઈનકાર કર્યો હતો અને નસબંધી પછી કૂતરાઓને તેમના મૂળ સ્થાનો પર પાછા છોડવાનો નિર્દેશ આપવાનો ઈનકાર કર્યો હતો.એક મહત્વપૂર્ણ આદેશમાં સુપ્રીમ કોર્ટે હડકવા-પોઝિટિવ અને ગંભીર રીતે બીમાર કૂતરાઓને મારી નાખવાનો નિર્દેશ આપ્યો, જે માનવ જીવન માટે ખતરો છે. કોર્ટે જણાવ્યું હતું કે તે જમીની વાસ્તવિકતાને અવગણી શકે નહીં, જ્યાં બાળકો, મુસાફરો અને વૃદ્ધો કૂતરા કરડવાનો ભોગ બનતા રહે છે. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂરી માળખાગત સુવિધાઓ મજબૂત કરવા અને રખડતા કૂતરાઓની વધતી સંખ્યાને પહોંચી વળવા માટે નક્કર પ્રયાસો કરવા નિર્દેશ આપ્યો હતો.રખડતા કૂતરાઓની વધતી વસ્તીને પહોંચી વળવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા નક્કર પ્રયાસોના અભાવ પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે નોંધ્યું કે પશુ જન્મ નિયંત્રણ પ્રણાલીઓ નબળી રીતે લાગુ કરવામાં આવે છે અને ભંડોળ અપૂરતું અને અસમાન છે. સુપ્રીમ કોર્ટે કહ્યું, "ગૌરવ સાથે જીવવાના અધિકારમાં કૂતરાઓના હુમલા અથવા ધમકીઓના ભય વિના મુક્તપણે જીવવાનો અધિકાર શામેલ છે.બેન્ચે એમ પણ કહ્યું કે રખડતા કૂતરાઓને ખોરાક આપનારાઓ, એટલે કે કૂતરાઓને ખોરાક આપનારાઓ અને કૂતરા પ્રેમીઓની જવાબદારી હવે નક્કી કરવામાં આવશે. જો કોઈ કૂતરો કોઈ વ્યક્તિને કરડે છે, તો જવાબદારી ફક્ત વહીવટીતંત્રની જ નહીં પરંતુ કૂતરાઓની સંભાળ અથવા ખોરાક સાથે સંકળાયેલા લોકોની પણ રહેશે.

### નેતા- અધિકારીના વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ

# સરકારી ખર્ચમાં કાપ, ઈંધણ બચત માટે રાજ્ય સરકારનો આદેશ

ગાંધીનગર, તા.૨૦

વૈશ્વિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ અને ફોરેન એક્સચેન્જના ઉપયોગ અંગે પગલાં લેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. સરકારી કામકાજ માટે જરૂરિયાત પ્રમાણે જ પ્રવાસનું આયોજન કરવાનું રહેશે. શક્ય હોય ત્યાં સુધી અધિકારીઓ/કર્મચારીઓનો પ્રવાસ ન કરવો પડે તે રીતે ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા કે, ટેલિફોન, મોબાઈલ, ઈ-મેઈલ, વીડિયો કોન્ફરન્સિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે અને અત્યંત જરૂરી હોય તે સિવાય ક્ષેત્રિય અધિકારીઓ/કર્મચારીઓને મીટિંગ માટે બોલાવવાના બદલે 'વીડિયો કોન્ફરન્સિંગ' અથવા 'ઓનલાઈન માધ્યમ' દ્વારા બેઠકો યોજવાને પ્રાધાન્ય આપવાનો આદેશ અપાયો છે. અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પ્રકારના વિદેશ પ્રવાસનું આયોજન કરવું નહીં. અનિવાર્ય સંજોગો સિવાય વિદેશમાં યોજાતી તાલીમ/પરિસંવાદ/અભ્યાસ પ્રવાસો/પરિષદોમાં ભાગ લેવાનું ટાળવાના નિર્દેશ અપાયા છે.

અન્ય રાજ્યોમાં/કેન્દ્રમાં યોજાતી બેઠકો માટે બને ત્યાં સુધી ઓનલાઈન માધ્યમથી સહભાગી થવું અને પ્રત્યક્ષ પ્રવાસ ટાળવો. આમ છતાં રાજ્ય બહારની મુસાફરી અનિવાર્ય બને તો ઉચ્ચ અધિકારીઓએ પ્રવાસમાં તેમના જૂનિયર અન્ય અધિકારીઓ/કર્મચારીઓને અત્યંત જરૂરી હોય તે સિવાય સાથે ન રાખવાની કાળજી લેવાની રહેશે. અધિકારી/કર્મચારીઓ શક્ય હોય ત્યાં સુધી સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી ટાળવી અને આમ છતાં સરકારી કામકાજ અર્થે જિલ્લા બહાર મુસાફરી જરૂરી બને તો મુસાફરી કરતા પહેલાં તેમના નિયંત્રણ અધિકારીની મંજૂરી મેળવવી અનિવાર્ય રહેશે.

જે અધિકારીઓ પાસે સરકારી વાહનોના વિકલ્પ તરીકે પેટ્રોલ, ડીઝલ અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ઉપલબ્ધ હોય, તેઓએ ઈલેક્ટ્રિક વ્હીકલ (EV)/Hybrid model નો જ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો. પર્યાવરણ જાળવણી અને ઈંધણની બચત માટે અધિકારીઓ/કર્મચારીઓએ શક્ય હોય ત્યાં સુધી ખાનગી વાહનોનો ઉપયોગ ટાળીને જાહેર પરિવહન સેવાઓ (જેમ કે મેટ્રો, એસ.ટી. નિગમની બસ, રેલવે વગેરે) નો મહત્તમ ઉપયોગ કરવો. તમામ સરકારી કચેરીઓમાં આગામી ૬ મહિનામાં પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) કનેક્ટિવિટી ફરજિયાત મેળવવાની રહેશે. સંપશ વૈશ્વિક પરિસ્થિતિઓના કારણે ભાવવધારો અટકાવવા અને બિનજરૂરી સંગ્રહખોરી ન થાય તે માટે જનજાગૃતિ અભિયાન ચલાવવાનું રહેશે. આ સૂચનાઓનો સર્વે વિભાગોમાં તેમજ તેમના હેઠળના ખાતાના વડાની કચેરીઓ/તાલુકા કચેરીઓ, જાહેર સાહસો, મંડળો, નિગમો, કંપનીઓ, સ્વાયત સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી યુનિવર્સિટીઓ, ગ્રાન્ટ-ઈન-એઈડ તમામ સંસ્થાઓ વગેરેમાં ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.


**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
**પ્રવેશની ઉત્તમ તક...**
વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી


### ધારાસભ્ય તળાવીયાનાં વરદહસ્તે

# બાબરાના નવાણીયા ખાતે તળાવનુ રીસ્ટોરેશનનો પ્રારંભ

**રૂપિયા ૫૫ લાંખના ખર્ચે કરાશે**



અમરેલી, તા. ૨૦

બાબરા તાલુકાના ખેડૂતો માટે આનંદના સમાચારરૂપે તળાવ રીસ્ટોરેશન કાર્યનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વધુ સારી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થાય અને પાણીના સંગ્રહ ક્ષમતા વધેતે હેતુસર રૂ. ૫૫ લાખના ખર્ચે આ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. સિંચાઈ યોજનાઓના પુનઃસ્થાપન દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ વિકાસને નવી દિશા મળશે. આ તળાવના રીસ્ટોરેશનથી આજુબાજુના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે, જેના પરિણામે કૃષિ ઉત્પાદન વધશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે પાણી સંચય અને પાણીના સદુપયોગ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગામડાં સુધી વિકાસના કાર્યો પહોંચે અને ખેડૂતોને ખેતીમાં સરળ તા રહે તે માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ તળાવનું રીસ્ટોરેશન પૂર્ણ થયા બાદ વિસ્તારમાં પાણી સંગ્રહ ક્ષમતામાં વધારો થશે તેમજ ભૂગર્ભ જળસ્તર સુધારવામાં પણ મદદ મળશે.

# પ્રતાપરામાં ૧.૨૭ કરોડના ખર્ચે નવી પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લાના પ્રતાપરા ગામમાં આજે શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક પગલું ભરાયું હતું. રાજયના મંત્રી કૌશિક વેકારીયા દ્વારા અંદાજિત રૂ. ૧૨૭ લાખ (૧.૨૭ કરોડ)ના ખર્ચે નિર્માણ પામનાર ભવ્ય પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ નવી શાળા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને આધુનિક અને ગુણવત્તાસભર શિક્ષણ સાથે ઉત્તમ સુવિધાઓ પૂરી પાડશે.

કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ગામલોકો, આગેવાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી કૌશિક વેકારિયાએ જણાવ્યું હતું કે શિક્ષણ એ સમાજના વિકાસનો સેથી મજબૂત આધારસ્તંભ છે અને ગામડાંના બાળકોને શહેર જેવી સુવિધાઓ મળે તે સરકારની પ્રાથમિકતા છે. નવી શાળમાં આધુનિક વર્ગખંડો, સ્વચ્છતા સુવિધાઓ, રમતગમત માટેની વ્યવસ્થા અને વિદ્યાર્થીઓને અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રતાપરા ગામના બાળકો આ સુવિધાનો લાભ લઈ ભવિષ્યમાં દેશ અને રાજયનું નામ રોશન કરશે તેવી તેમને સંપૂર્ણ આશા છે. સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણનું સ્તર વધુ મજબૂત બનાવવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને વિકાસની આ યાત્રા અવિરત આગળ વધતી રહેશે.

ગામ લોકોએ પણ આ પ્રોજેક્ટને આવકારતા ખુશી વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે નવી શાળા ગામના બાળકોના ભવિષ્ય માટે આશીર્વાદરૂપ સાબિત થશે. પ્રતાપરામાં શરૂ થયેલું આ નિર્માણ કાર્ય આવનારા સમયમાં સમગ્ર વિસ્તાર માટે શિક્ષણ ક્ષેત્રે પ્રેરણારૂપ બનશે.

# કુંકાવાવ ખાતે શુક્રવારે નિઃશુલ્ક નેત્રયજ્ઞ યોજાશે

કુંકાવાવ, તા. ૨૦

કુંકાવાવમાં તા. ૨૨/૫/૨૬ને શુક્રવારના રોજ રામાણી હોસ્પિટલ ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાશે જેમા જરૂરત મંદ દર્દીના આંખના મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરી આપવામાં આવશેઅને આંખની તપાસ તથા નેત્રમણી વિનામૂલ્યે સેવા આપવામાં આવશે તો આસપાસના ગામડાના લોકોને આ કેમ્પનો લાભ લેવા આયોજક દ્વારા અનુરોધ કરાયો છે. તા. ૨૨/૫/૨૬ને શુક્રવાર સવારના ૯:૩૦ થી ૧૨:૩૦ સુધી રામાણી હોસ્પિટલ અમરેલી રોડ ખાતે નેત્રનિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવે છે જેમાં પ્રખ્યાત રાજકોટ રણછોડદાસ આશ્રમ હોસ્પિટલના ડોકટરોની ટીમ સેવા આપશે વધુ માહીતી માટે કેમ્પ આયોજક મનુભાઈ ઉનડકટ મો. ૯૮૭૯૯ ૯૪૬૩૬ ઉપર સંપર્ક કરવો.

### અલ્પેશ ઠાકોર-હાર્દિક પટેલ સહિતના નેતાને મળી જવાબદારી

# ૧૫મી ગુજરાત વિધાનસભાની ૧૯ સમિતિની જાહેરાત થઈ

**આ સમિતિઓ વિધાનસભાની નાણાંકીય અને વહીવટી કામગીરી પર દેખરેખ રાખવાનું મહત્વનું કાર્ય કરે છે**

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજકારણના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતની ૧૫મી વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે વિધાનસભાની જુદી જુદી સમિતિઓના ચેરમેન અને સભ્યોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ નિમણૂકોમાં ભાજપના અનેક દિગ્ગજ અને યુવા નેતાઓનો સમાવેશ કરીને મોટું રાજકીય સંતુલન સાધવામાં આવ્યું છે. અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ, રમણલાલ વોરા અને સી. જે. ચાવડા સહિત દિગ્ગજ નેતાઓને મોટી જવાબદારી મળતા આ મામલે ચર્ચાઓ શરૂ થઈ છે.

મળતી માહિતી મુજબ, ગુજરાત વિધાનસભાની કામગીરી માટે અધ્યક્ષ શંકર ચૌધરીએ કુલ ૧૯ સમિતિઓની જાહેરાત કરી છે, જેમાં ૪ નાણાંકીય અને ૧૫ બિન-નાણાંકીય સમિતિઓનો સમાવેશ થાય છે.

વિધાનસભાની સૌથી મહત્વની ગણાતી સમિતિઓમાં રાજયના ટોચના નેતાઓને ચેરમેન પદ સોંપાયું છે. આ સમિતિઓ વિધાનસભાની નાણાંકીય અને વહીવટી કામગીરી પર દેખરેખ રાખવાનું મહત્વનું કાર્ય કરે છે. રાજકીય વિશ્લેષકોના મતે વિધાનસભાની આ સમિતિઓ મિની એસેમ્બલી જેવું કામ કરે છે. સરકારી વિભાગોના ખર્ચ, સરકારે આપેલા વચનોનું પાલન અને પછાત વર્ગોના કલ્યાણ માટે થતી કામગીરી પર સીધી વોચ રાખવાની સત્તા આ સમિતિઓ પાસે હોય છે. અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલ જેવા યુવા નેતાઓને ચેરમેન બનાવીને પક્ષે સંગઠન અને સરકાર બંને સ્તરે મજબૂત મેસેજ આપ્યો છે. ત્યારે આજે વિધાનસભા અધ્યક્ષ દ્વારા વિધિવત રીતે આ નામો પર મહોર મારી દેવામાં આવતા હવે આગામી દિવસોમાં આ સમિતિઓ પોતાની કામગીરી વેગવંતી બનાવશે.

**ક્યા નેતાને કઈ સમિતિની જવાબદારી મળી?......**

| ક્રમ | સમિતિનું નામ | ચેરમેનનું નામ |
|---|---|---|
| ૧ | અંદાજ સમિતિ (Estimates Committee) | ડૉ. સી. જે. ચાવડા |
| ૨ | જાહેર હિસાબ સમિતિ (PAC) | પંકજ દેસાઈ |
| ૩ | જાહેર સાહસોની સમિતિ | રમણલાલ વોરા |
| ૪ | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણની સમિતિ | અલ્પેશ ઠાકોર |
| ૫ | ગૌણ વિધાન સમિતિ | હાર્દિક પટેલ |
| ૬ | પંચાયતી રાજ સમિતિ | ઉદય કાનગડ |
| ૭ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | અમિત શાહ |
| ૮ | અનુસૂચિત જાતિઓ (SC) ના કલ્યાણ માટેની સમિતિ | માલતી મહેશ્વરી |
| ૯ | અનુસૂચિત જનજાતિઓ (ST) ના કલ્યાણ માટેની સમિતિ | મોહનભાઈ ઢોડિયા |
| ૧૦ | વિશેષાધિકાર સમિતિ | કેશુભાઈ પટેલ |
| ૧૧ | સભ્ય નિવાસ સમિતિ | સંગીતા પાટીલ |
| ૧૨ | સભ્યોના ભથ્થા અંગેના નિયમો માટેની સમિતિ | મુકેશભાઈ પટેલ |

# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલે રાજ્ય કક્ષાએ એથ્લેટિક્સ સ્પર્ધામાં ૪-સુવર્ણ, ૭-રજત અને ૫-કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા



અમરેલી, તા. ૨૦

ઈન્ટર DLSS એથ્લેટિક્સ લીગ સ્પર્ધા ૨૦૨૬ ભાઈઓ આયોજન નડીયાદ ખાતે મે–માર્ચમાં થયું હતું. જેમાં રાજયના અલગ–અલગ શ્રેષ્ઠ સ્પોર્ટ્સ શાળાકીય એથ્લેટિક્સઓએ બહોળી સંખ્યામાં આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં અમરેલી ગજેરા કેમ્પસ –વિદ્યાસભાની DLSS ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લઈ સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ, રજત અને કાંસ્ય પદક મેળવી અમરેલીનું રાજય કક્ષાએ ગૌરવ વધાર્યું છે જેમાં ૧) વાઘેલા કિશન – હાઈ જમ્પ સુવર્ણ પદક, ૨) ભુરીયા આકાશ– ૮૦૦ મી સુવર્ણ પદક, ૪૦૦ મીટર દોડમાં રજત પદક, ૪૨૪૦૦ મીટર રિલેમાં કાંસ્ય પદક, ૩) સટિયા યશ –લોંગ જમ્પ અને ત્રિપલ જમ્પ સુવર્ણ પદક, ૪) રાઠોડ કેયુર હાઈ જમ્પ અને લોંગ રજત, ૫) વેગડ હાર્દિક ૩૦૦૦મી રજત અને ૪૪૦૦ રીલે કાંસ્ય પદક, ૬) કુમારખાણીયા પરેશ ૫ કિ.મી વોક રજત, ૭) દુદવાલા મહાવિર – હાઈ જમ્પ રજત પદક, ૮) ચારોલ પાર્થ ૨૦૦મી રજત, ૯) વાઘેલા જય– ૬૦૦મી કાંસ્ય પદક, ૧૦) તાવીયા કેવલ– ૪૪૦૦ રીલેમાં કાંસ્ય પદક, ૧૧) ચૌહાણ જયવીર–૪૪૦૦ રીલે કાંસ્ય પદક મેળવી એથ્લેટિક્સ ગેમમાં વિજેતા થઈ આ ગેરવસભર સિદ્ધિ પાછળ અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે.

તેમની સતત મહેનત, નિયમિત પ્રશિક્ષણ અને કોચના માર્ગદર્શનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. પ્રારંભિક રાઉન્ડથી જ ટીમે પોતાની શકિત અને આત્મવિસનો પરિચય આપતા સતત શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા તેમજ ખાસ ઉપસ્થિતિ ગીરધરભાઈ ગજેરા અને મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ એથ્લેટિક્સ ગેમના ખેલાડી ટીમ તેમજ કોચ અને ટ્રેનરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# લીલીયા : સરકારી કોલેજનાં એન.સી.સી. કેડેટસે સફળતા પૂર્વક વાર્ષિક પ્રશિક્ષણ કેમ્પ પૂર્ણ કર્યો



લીલીયા, તા. ૨૦

લીલીયાની સરકારી વિનયન અને વાણિજય કોલેજનાં એન.સી.સી. કેડેટસે તા. ૩, મે ૨૦૨૬ થી ૧૨, મે ૨૦૨૬ સુધી યોજાયેલા દસ દિવસીય વાર્ષિક પ્રશિક્ષણ કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કરીને કોલેજ તેમજ સમગ્ર વિસ્તારનું નામ રોશન કર્યું છે. આ કેમ્પ દરમિયાન કોલેજનાં કેડેટસે ઉત્કૃષ્ટ શિસ્ત,અપ્રતિમ ઉત્સાહ અને વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો. કોલેજમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાં જગાડવાનાં હેતુથી છેલ્લા ૨ વર્ષથી એન.સી.સી. પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. આ યુનિટ સ્થાપનાં કાળથી જ કોલેજનાં આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ.એ. રાઠોડનાં કુશળ અને પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ કાર્યરત છે. તેમના સતત માર્ગદર્શન અને સખત પરિશ્રમનાં પરિણામે જ કોલેજનાં વિદ્યાર્થીઓ ખૂબ ટૂંકા ગાળામાં લશ્કરી તાલીમનાં ઉચ્ચ ધોરણો સર કરી શકયા છે.આ વાર્ષિક કેમ્પ દરમિયાન કેડેટસને સવારની પી.ટી. અને કડક પરેડ ઉપરાંત રાઈફલ ફાયરિંગ (વેપન ટ્રેનિંગ), મેપ રીડિંગ (નકશા વાચન), ફર્સ્ટ એઈડ (પ્રાથમિક સારવાર) અને આપત્તિ વ્યવસ્થાપન (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) જેવી સૈન્ય કક્ષાની સઘન તાલીમ આપવામાં આવી હતી. આ સાથે જ કેડેટસે કેમ્પ દરમિયાન આયોજિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમત ગમત અને સ્વચ્છતા અભિયાનમાં પણ સક્રિય ભાગ લીધો હતો. કોલેજના એન.સી. સી. આફિસર ડો. મહેશ એસ. ગઢિયાએ કેમ્પમાં ભાગ લેવા બદલ કેસેટસને અભિનંદન પાઠવ્યા હતા. કોલેજનાં આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ.એ. રાઠોડએ કેડેટસની આ સફળતાને બિરદાવતા જણાવ્યું હતું કે, એન.સી.સી.એ માત્ર એક પ્રવૃત્તિ નથી, પરંતુ યુવાનોમાં એકતા અને શિસ્તનાં મૂલ્યો રોપીને તેમને જવાબદાર નાગરિક બનાવવાની પાઠશાળા છે. છેલ્લા બે વર્ષમાં કોલેજના કેડેટસે જે સમર્પણભાવ દર્શાવ્યો છે તેનાથી સંસ્થા ગૌરવ અનુભવે છે. કેમ્પની સફળ પૂર્ણાહુતિ કરીને પરત ફરેલા તમામ કેડેટસને કોલેજનાં શૈક્ષણિક સ્ટાફ, વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ વતી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને આગામી સમયમાં તેઓ 'બી' અને 'સી' સર્ટિફિકેટ પરીક્ષામાં પણ આવી જ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

